સુવિચાર

કોઈનો સારો અને સરળ સ્વભાવ
એની કમજોરી નથી હોતી સાહેબ, પણ
એ એને મળેલા સંસ્કાર હોઈ છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક





જામનગરના દરિયાકાઠેથી ૬.૬૧ કરોડનું ચરસ રેઢું મળ્યું P-4

Year-16, Issue-46 ■ DATE : 31-05-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દેશમાં કોરોનાની નવી લહેરથી ભયનું વાતાવરણ: ૭ના મોત

## સક્રિય કેસની સંખ્યા ૨૭૦૦ને પાર: હોસ્પિટલોમાં ટેસ્ટીંગ વધારવા અને સાવચેતી રાખવા અપીલ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં કોરોનાની નવી લહેર હોય તેમ નવા દર્દીઓની સંખ્યામાં સડડાટ વૃદ્ધિ થવા લાગી છે સાથોસાથ મૃત્યુઆંક પણ ચિંતા ઉપજાવવા લાગ્યો છે. ભારતમાં આજે કોરોનાના નવા ૫૧૧ કેસ નોંધાવવા સાથે કુલ આંકડો ૨૭૧૦ નો થયો હતો. આજે વધુ સાત લોકોનાં મોત નીપજયા હતા.

કેન્દ્રનાં આરોગ્ય મંત્રાલય દ્વારા જારી આંકડાકીય રીપોર્ટ પ્રમાણે ભારતમાં કોરોનાના એકટીવ કેસની સંખ્યા ૨૭૧૦ પર પહોંચી છે. તેમાં સૌથી વધુ ૧૧૪૭ કેરળમાં છે. આ સિવાય મહારાષ્ટ્રમાં ૪૬૭ દિલ્હીમાં ૨૯૪ તથા ગુજરાતમાં ૨૬૫ છે.

ગુજરાતમાં ગઈકાલે એક જ દિવસમાં નવા ૬૮ કેસ નોંધાયા હતા. જયારે મહારાષ્ટ્રમાં નવા ૮૪ કેસ હતા.કેરળમાં એક જ દિવસમાં નવા ૨૨૭ કેસ નોંધાયા હતા. પશ્ચિમ બંગાળમાં ૫૯ નવા કેસ સાથે કુલ સંખ્યા ૧૧૬ પર પહોંચી હતી.

દિલ્હીમાં નવા ૫૬ કેસ સાથે આંકડો ૨૯૪ થયો હતો. રાજસ્થાનમાં કોરોનાના નવા ૫૪ કેસ નોંધાયા હતા. અને એક દર્દીનું મોત થયુ હતું. જોકે મૃતકને અન્ય બિમારી હોવાનો પણ દાવો કરવામાં આવ્યો હતો.

કર્ણાટકમાં પણ કોરોનાથી વધુ એક મોત થતાં મૃત્યુંઆંક ૩ નો થયો હતો. કોરોનાનો વધુ નવા રાજયોમાં પગપેસારો હોય તેમ મિઝોરમમાં બે કેસ નોંધાયા હતા. રાજયમાં સાત માસ બાદ કોરોનાના કેસ નોંધાયા હતા.

ચંદીગઢમાં કોરોનાથી મોતને ભેટેલા પ્રૌઢના પુત્ર પુત્રી પણ સંક્રમિત જણાયા છે. સુત્રોના કહેવા પ્રમાણે દેશમાં કોરોનાથી ગુજરાતમાં એક સીહત સાત લોકોના મોત નીપજયા હતા.

## ગુજરાતની હોસ્પિટલમાં કોરોનાની મોકડ્રીલ યોજવા નિર્ણય



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દેશના કેટલાંક રાજયોની જેમ ગુજરાતમા પણ કોરોનાના કેસ વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૬૮ કેસ કુલ સંખ્યા ૨૬૫ ની થઈ હતી. સંક્રમણ ગંભીર કે ખતરનાક હોવાના દાવા સાથે સરકારે લોકોને ડરવાને બદલે માત્ર સાવચેતી રાખવા સુચવ્યુ છે. જયારે ગુજરાતમાં આરોગ્ય વિભાગે કોરોના અંગે હોસ્પીટલમાં મોકડ્રીલ યોજવાનો નિર્ણય લીધો છે. હોસ્પીટલોમાં કોરોના વોર્ડ તૈયાર કરાયા જ છે.ત્યારે આઈસોલેશન વોર્ડમાં તથા ઓકસીજન પ્લાંટમાં મોકડ્રીલ કરાશે. રાજયના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આરોગ્ય અધિકારીઓ સાથે તાકીદની બેઠક યોજીને સ્થિતિની સમીક્ષા પણ કરી હતી.

## આનંદના સમાચાર: ખાદ્ય તેલની કિંમતો ઘટશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સામાન્ય જનતા માટે રાહતના સમાચાર. ખાદ્ય તેલના ભાવને નિયંત્રિત કરવા માટે કેન્દ્ર સરકારે એક મોટું પગલું ભર્યું છે. કેન્દ્ર સરકારે શુક્રવારે કાચા ખાદ્ય તેલ પરના મૂળભૂત આયાત કરમાં ૧૦ ટકાનો ઘટાડો કર્યો છે. સરકારે એક સૂચનામાં આ માહિતી આપી છે. સૂચના અનુસાર, આ ફેરફાર ૩૧ મેથી અમલમાં આવશે. આયાત કરમાં ઘટાડાને કારણે, વિદેશી બજારોમાંથી આવતું તેલ હવે સસ્તું થશે, જેના કારણે સ્થાનિક બજારમાં કિંમતો નિયંત્રણમાં રહેવાની અપેક્ષા છે.

કેન્દ્ર સરકારે ક્રૂડ પામ તેલ, ક્રૂડ સોયાબીન તેલ અને ક્રૂડ સૂર્યમુખી તેલ પરની કસ્ટમ ડ્યુટી ઘટાડીને ૧૦ ટકા કરી દીધી છે. નાણા મંત્રાલયના આ નિર્ણયનો ઉદ્દેશ્ય ખાદ્ય તેલના છૂટક ભાવ ઘટાડવાનો અને ખાદ્ય તેલનો વેપાર કરતા સ્થાનિક વેપારીઓના હિતોનું રક્ષણ કરવાનો છે. અગાઉ આ ત્રણેય કાચા ખાદ્ય તેલ પર ડ્યુટી ૨૦ ટકા હતી. તમને જણાવી દઈએ કે ભારત તેની સ્થાનિક ખાદ્ય તેલની જરૂરિયાતના ૫૦ ટકાથી વધુ આયાત કરે છે.

આ નિર્ણય પછી, ઉદ્યોગ સંસ્થા સોલવન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિએશન



ઓફ ઈન્ડિયા (SEA) ના પ્રમુખ સંજીવ અસ્થાનાએ જણાવ્યું હતું કે ક્રૂડ ઓઈલ પર ડ્યુટીમાં ઘટાડો સ્થાનિક ભાવ ઘટાડવામાં મદદ કરશે, જેનો ગ્રાહકોને ફાયદો થશે.

નાણા મંત્રાલયે શુક્રવારે તાત્કાલિક અસરથી એક સૂચના જારી કરીને ખાદ્ય તેલ પર આયાત ડ્યુટી ઘટાડવાના નિર્ણયની માહિતી આપી હતી. સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, કેન્દ્રીય ખાદ્ય સચિવ સંજીવ ચોપરાએ જણાવ્યું હતું કે સરકારે ક્રૂડ ખાદ્ય તેલ પરની મૂળભૂત કસ્ટમ ડ્યુટી ૨૦ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરી છે.

આ નિર્ણય અંગે, ઉદ્યોગ સંસ્થા સોલવન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (SEA) ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર બી.વી. મહેતાએ જણાવ્યું હતું કે, ''ક્રૂડ પામ ઓઈલ, ક્રૂડ સોયાબીન ઓઈલ અને ક્રૂડ સૂર્યમુખી ઓઈલ પરની મૂળભૂત કસ્ટમ ડ્યુટી ઘટાડીને ૧૦ ટકા કરવામાં આવી છે. આ ત્રણેય ઉત્પાદનો પર અસરકારક આયાત ડ્યુટી (મૂળભૂત કસ્ટમ ડ્યુટી અને અન્ય ડ્યુટી સહિત) હવે ૧૬.૫ ટકા રહેશે. અગાઉ, આયાત ડ્યુટી ૨૭.૫ ટકા હતી. તેમણે કહ્યું કે, તાજેતરમાં રિફાઈન્ડ પામ ઓઈલની આયાતમાં વધારો થયો છે કારણ કે તે ક્રૂડ પામ ઓઈલ કરતાં સસ્તું છે.''

શુક્રવારે મોડી રાત્રે જારી કરાયેલા એક નિવેદનમાં, જીઆ ના પ્રમુખ સંજીવ અસ્થાનાએ જણાવ્યું હતું કે,''સરકારે યોગ્ય સમયે એક બોલ્ડ નિર્ણય લીધો છે કે ક્રૂડ અને રિફાઈન્ડ ઓઈલ વચ્ચેનો ડ્યુટી તફાવત ૮.૨૫ ટકાથી વધારીને ૧૯.૨૫ ટકા કરવામાં આવશે. હવે રિફાઈન્ડ પામ ઓઈલની આયાત ઘટાડવામાં આવશે.'' ક્રૂડ પામ ઓઈલની માંગમાં વધારો થવાથી ઘરેલુ રિફાઈનિંગ ક્ષેત્રને નવું જીવન મળશે. આ તેલ પર કોઈ રાહત નહીં મળે

૩૦ મેના રોજ નાણા મંત્રાલય દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન પછી પણ, રિફાઈન્ડ ઓઈલ પરની મૂળભૂત કસ્ટમ ડ્યુટી ૩૨.૫ ટકા પર રહેશે. એટલે કે, તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. હાલમાં, રિફાઈન્ડ ઓઈલ પર અસરકારક ડ્યુટી ૩૫.૭૫ ટકા છે. આવી સ્થિતિમાં, આ તેલનો ઉપયોગ કરતા લોકોને કોઈ રાહત મળશે નહીં.

## પાંચ વર્ષથી નાના સંતાનની કસ્ટડી માતા સિવાય કોઈને મળી શકે નહીં: ગુજરાત હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટે એક મહત્વના ચૂકાદામાં જણાવ્યું હતું કે અસામાન્ય સંજોગો સિવાય પાંચ વર્ષથી નાના બાળકની કસ્ટડી માતા સિવાય કોઈને મળી શકે નહી. લગ્નજીવનની ટકરારના કારણે છેલ્લા એક મહિનાથી લાપતા બનેલી પત્ની અને પુત્રીનો કબ્જો મેળવવા એક વ્યક્તિએ ગુજરાત હાઈકોર્ટમાં હેબીયર્સ કોર્પસ સુનાવણી સમયે હાઈકોર્ટના આદેશ મુજબ પોલીસે આજે માતા અને પુત્રીને હાજર કર્યા હતા.

જે સંદર્ભની સુનાવણીમાં હાઈકોર્ટના ન્યાયમૂર્તિ વિમલ કે.વ્યાસે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે પુત્રીની ઉંમર પાંચ વર્ષથી ઓછી છે અને જયાં સુધી કોઈ અસાધારણ કે વ્યાજબી કારણ ન હોય તો માતા પાસેથી આ ઉંમરની પુત્રીની કસ્ટડી લઈ શકાય નહી અને તેથી જ પુત્રીની કસ્ટડી માતાને સુપ્રત કરી હતી.

હાઈકોર્ટે જણાવ્યું કે બાળકીની



ઉંમર ત્રણ વર્ષની છે અને અદાલત આ સ્થિતિમાં તેને માતાથી અલગ કરી શકે નહી. આ યુગલના ૨૦૦૮માં લગ્ન થયા બાદ બે પુત્રો અને એક પુત્રી સંતાનમાં છે પણ લગ્નજીવનમાં ટકરાર સર્જાતા ત્રણ વર્ષની પુત્રી સાથે માતા અલગ થઈ ગઈ હતી અને તેની ભાળ મળી ન હતી.

તે સંદર્ભમાં પતિએ કરેલી હેબીયર્સ કોર્પસની અરજી પરથી આજે પોલીસે બંનેને રજુ કર્યા હતા. પત્નીએ ફરી એક વખત પતિ સાથે જવાની અનિચ્છા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે તેમનો વિવાદ અદાલતમાં ચાલુ છે અને તેથી તે હાલ પતિ સાથે જવા માંગતી નથી.

## કોંગી નેતા શશી થરૂરની ચાણકય નીતિથી કોલંબિયાએ પાકિસ્તાન તરફી નિવેદન પાછું ખેંચ્યું

**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

કોંગ્રેસના દિગ્ગજ નેતા અને સાંસદ શશી થરૂરની આગેવાની હેઠળના ભારતીય પ્રતિનિધિમંડળની રાજદ્વારી ચાતુરી રંગ લાવી છે! કોલંબિયાએ પાકિસ્તાન તરફી આપેલું નિવેદન આખરે પાછું ખેંચી લીધું છે, જે ભારતીય વિદેશ નીતિ અને આતંકવાદ સામેની 'ઝીરો-ટોલરન્સ' નીતિની મોટી જીત ગણી શકાય. થરૂરે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે, કોલંબિયા હવે ભારતની સ્થિતિ અને તેના દૃષ્ટિકોણના મજબૂત સમર્થનમાં નવું નિવેદન બહાર પાડશે.

બોગોટામાં વિદેશ મંત્રાલયના વરિષ્ઠ ઉપ-મંત્રી સાથેની મુલાકાત બાદ થરૂરે પત્રકારોને સંબોધતા જણાવ્યું કે, ''અમને ખૂબ જ સારા સમાચાર મળ્યા છે. જે નિવેદનથી અમને અગાઉ નિરાશા થઈ હતી, તે હવે પાછું ખેંચી લેવામાં આવ્યું છે. અમારી સ્થિતિના મજબૂત સમર્થનમાં નવું નિવેદન આવશે.'' તેમણે મહાત્મા ગાંધીની પ્રતિમા સમક્ષ ઊભા રહીને આ ઘોષણા કરતા



જણાવ્યું કે, આ ક્ષણ ખરેખર ગર્વની છે.

થરૂરે ભારપૂર્વક જણાવ્યું કે, ''જેઓ આપણા દેશ પર હુમલો કરે છે અને જેઓ પોતાના દેશનો બચાવ કરે છે તેમની વચ્ચે કોઈ સમાનતા હોઈ શકે નહીં.'' તેમણે કોલંબિયાના અગાઉના નિવેદનમાં આ ભેદભાવની અવગણના બદલ નારાજગી વ્યક્ત કરી હતી. જોકે, તેમણે ખુશી વ્યક્ત કરી કે કોલંબિયાના પ્રતિનિધિઓ હવે ભારતની સાર્વભૌમત્વ, વિશ્વ શાંતિ અને ભારતીય ઉપખંડમાં શાંતિ માટે ભારત સાથે ઊભા રહેવા કટિબદ્ધ છે. તેમણે આ પ્રકારના સંવાદો ચાલુ રાખવાની આશા પણ વ્યક્ત કરી.

યુનાઈટેડ સ્ટેટ્સમાં ભારતના ભૂતપૂર્વ રાજદૂત અને ભાજપના વરિષ્ઠ નેતા તરનજીત સિંહ સંધુએ આ સફળતાનો શ્રેય ભારતીય પ્રતિનિધિમંડળની વ્યાપક બ્રીફિંગને આપ્યો. તેમણે જણાવ્યું કે, ''આજે સવારે અમારી કાર્યકારી વિદેશ મંત્રી સાથે વિગતવાર વાતચીત થઈ હતી. અમારા નેતા અને સમગ્ર ટીમે તેમને ચોક્કસ મુદ્દાઓ સમજાવ્યા હતા, જેમાં સમયરેખા પણ સામેલ હતી જે કદાચ તેઓ થોડા અંશે ચૂકી ગયા હતા.'' સંધુએ ઉમેર્યું કે, કોલંબિયાનું મહત્વ એટલા માટે પણ છે કે તે ટૂંક સમયમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનો સભ્ય બનશે.

## સૌરાષ્ટ્રમાં આજે 'ઓપરેશન શિલ્ડ': રાત્રે બ્લેકઆઉટ સાથે સાયરન ગુંજી ઉઠશે

### કેશોદ, સોમનાથ, વેરાવળ, કોડીનારમાં મોકડ્રીલ : અમરેલી જિલ્લામાં બ્લેકઆઉટ થશે-રાજુલામાં કોસ્ટગાર્ડ જોડાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત સરકારના ગૃહ મંત્રાલયની સૂચના મુજબ ગત તા. ૭ મે ના રોજ દેશના સંવેદનશીલ વિસ્તારોમાં વસવાટ કરતા નાગરિકોની સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી અને મૂલ્યાંકન કરવા માટે નાગરિક સંરક્ષણ કવાયત (સિવિલ ડિફેન્સ મોકડ્રીલ) હાથ ધરવામાં આવી હતી. જેના આધારે દેશના કેટલાક સંવેદનશીલ વિસ્તારોમાં નાગરિક સંરક્ષણની વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવામાં આવી છે.

દુશ્મન દેશના હુમલા સામે નાગરિક સંરક્ષણની તૈયારીઓને વધારવા માટે દેશના પશ્ચિમી સરહદને અડીને આવેલા રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ જિલ્લાઓમાં નાગરિક સંરક્ષણ કવાયત 'ઓપરેશન શિલ્ડ'નું આયોજન કરવાની સૂચના આપવામાં આવી છે.

સમગ્ર ગુજરાતમાં પણ શનિવાર તા. ૩૧ ના રોજ સાંજે ૫ વાગ્યે ફરી એક વાર નાગરિક સંરક્ષણ કવાયત હાથ ધરવામાં આવશે.જેના ભાગરૂપે દ્વારકાના એરફોર્સ સ્ટેશન અને વાડીનારમાં કોસ્ટ ગાર્ડ ખાતે પણ આ મોકડ્રિલ યોજવાનું આયોજન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાયું છે.

આ ઉપરાંત આ બંને સ્થળોએ શનિવારે રાત્રે ૭:૪૫ થી ૮:૩૦ દરમિયાન બ્લેકઆઉટ શરૂ થવાના સમયે લાંબુ સાયરન અને પૂર્ણ થવા સમયે ટૂંકું સાયરન વગાડવામાં આવશે.

આ મોકડ્રીલ દરમ્યાન નાગરિક સંરક્ષણ દળમાં નવા નોંધાયેલા સ્વયંસેવકો, એનસીસી કેડેટ, હોમગાર્ડ સહિતના જોડાશે. તેમજ



દુશ્મન દેશ તરફથી થતા કોઈપણ સંભવિત હુમલા સામે ટક્કર ઝીલવા આગોતરી તૈયારીના ભાગરૂપે જિલ્લામાં આ મોકડ્રીલનું આયોજન થશે. જેમાં જિલ્લાના નાગરિકોને સહયોગ આપવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

રાજકોટમાં આજે માધાપર ચોક આસપાસના વિસ્તારોમાં બ્લેક આઉટ કરી સાઈરન વગાડાશે. લોકોને સહકાર આપવા અપીલ કરાઈ છે. ગીર સોમનાથ જિલ્લામાં યુદ્ધ સહિતની કોઈપણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે નાગરિક સંરક્ષણની તૈયારીઓ માટે સમગ્ર રાજ્યની સાથે સાથે ગીર સોમનાથ જિલ્લામાં આજે તા.૩૧ મેના રોજ સિવિલ ડિફેન્સની ઓપરેશન શિલ્ડ મોકડ્રીલ યોજાશે.

ગીર સોમનાથ જિલ્લામાં સાંજના ૦૫:૩૦ કલાકથી સોમનાથ મંદિર ખાતે તેમજ સાંજના ૦૬:૩૦ કલાકથી વેરાવળ કોસ્ટ ગાર્ડ સ્ટેશન અને કોડીનાર છારા પોર્ટ ખાતે મોકડ્રીલ યોજાશે. મોકડ્રિલ સંદર્ભે સાંજના ૦૭.૪૫ થી ૦૮.૧૫ સુધી બ્લેકઆઉટ રહેશે. આ બ્લેકઆઉટમાં નાગરિકોને સહકાર આપવા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

મોકડ્રીલ દ્વારા નાગરિક સંરક્ષણની તૈયારીઓ, દુશ્મન દેશો દ્વારા થતા ડ્રોન/મિસાઈલ/હવાઈ હુમલા સામે બચાવ માટેની તૈયારીઓ, સિવિલ તથા મિલિટરી ઓથોરીટી વચ્ચે તાલમેલ અંગેનો અભ્યાસ કરી ત્રૂટીઓ દૂર કરવામાં આવશે. આ મોકડ્રીલમાં નાગરિક સંરક્ષણ દળમાં નવા નોંધાયેલ ૨૩૧૨ જેટલા સ્વયંસેવકો, એન.સી.સી કેડેટ્સ, હોમ ગાર્ડ્સ, બ્લેક આઉટ વોર્ડન વગેરે જોડાશે.

આ મોકડ્રિલ દરમિયાન હવાઈ હુમલા સમયે સાયરન દ્વારા એલર્ટ, બ્લેકઆઉટ પ્રોટોકોલ, કોમ્યુનીકેશન સીસ્ટમ, મેડીકલ રીસ્પોન્સ, ઈવેક્યુએશન, વહીવટી તંત્રની સુસજ્જતા, વોલિયન્ટિયર્સ, આરોગ્ય વિષયક બાબતો, ફાયર સેફ્ટી અને આપાતકાલીન વ્યવસ્થાઓ સહિતના પાસાઓને આવરી લઈ અને નાગરિકો અને તેમની જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરવા જેવી વિવિધ બાબતોને ચકાસવામાં આવશે.

ઓપરેશન સિંદૂર બાદ નાગરિકોને સચેત તેમજ જ્ઞાત કરવાના ઉદ્દેશ્ય સાથે તકેદારીના ભાગરુપે રાજયભરમાં ઓપરેશન શીલ્ડ યોજવામાં આવી રહ્યું છે.

ઓપરેશન શીલ્ડ અન્વયે અમરેલી જિલ્લામાં આજરોજ રાત્રે ૮ થી રાત્રે ૮.૩૦ વાગ્યા (૩૦ મિનિટ) સુધી તમામ તાલુકા મથકો, નગરપાલિકાઓ અને વિવિધ ગામોના વિસ્તારોમાં બ્લેક આઉટ એક્સરસાઈઝ યોજાશે.

મહત્વનું છે કે, નાગરિકોએ આ અંગે ગભરાવાની કે અફવાઓને ધ્યાને લેવાની નથી, ઓપરેશન શિલ્ડ એ માત્ર નાગરિકોને જ્ઞાત કરવાનો હેતુ ધરાવે છે.

આ મોક બ્લેક આઉટ એક્સરસાઈઝ (અંધારપટ)ના ભાગરૂપે અમરેલી જિલ્લાના નાગરિકોને સ્વંયભૂ ઘર, વ્યવસાયના સ્થળો સહિતની જાહેર જગ્યાઓ પર લાઈટ બંધ રાખવા અને અતિ આવશ્યક ન હોય તો માર્ગો પર વાહનો સાથે નીકળવાનું ટાળવા અને અંધારપટ જાળવવા માટે સહયોગ આપવા અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાએ અનુરોધ કર્યો છે.

ઓપરેશન શીલ્ડ અંતર્ગત તકેદારીના ભાગરૂપે શનિવારે બ્લેકઆઉટ એક્સરસાઈઝ યોજી નાગરિકોને જાગૃત્ત તેમજ ઓપરેશન શિલ્ડ અને તેના મહત્વ અને જરૂરિયાતબાબતે સમજૂત કરવા માટે રાજય સરકાર દ્વારા સૂચના આપવામાં આવી છે. આ અન્વયે અમરેલી જિલ્લાના તમામ મહત્વના સ્થળો, ડેમ, એદ્યોગિક એકમોની પ્રોડક્શન સિવાયની સાઈટ તેમજ રહેણાંક મકાનો, વ્યવસાયિક એકમોને બ્લેકઆઉટમાં સ્વયંભૂ જોડાવવા માટે જાગૃત્ત કરવાના છે.


શ્રધ્ધાંજલી



સ્વ. ધીરજલાલ ખોડીદાસભાઈ કકકડ
જન્મ તારીખ: ૦૯-૦૧-૧૯૩૮ સ્વર્ગવાસ તારીખ ૩૧-૦૫-૨૦૧૯

માનવીની જીંદગી ચાલી જાય પણ ગુણોની ગરીમા રહી જાય છે.
શિલાલેખ કદાચ ભૂંસાઈ જાય પરંતુ સ્મરણો અંતરમાં કોતરાઈ જાય છે.
આપના સદ્દગુણો સદાય અમારા માટે પ્રેરણા પંથ છે.
ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી. મનોહરસિંહ રમુભા ઝાલા (બબાભાઈ)

# જામનગર ગવર્નમેન્ટ ડેન્ટલ કોલેજ,ખાતે વ્યસનમુક્તિ માટે આવેલા ૬૦% થી વધુ લોકોએ તમાકુ છોડી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, વિશ્વ તમાકુ નિષેધ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ તમાકુના ઉપયોગથી થતી ગંભીર હાનિકારક અસરો વિશે જાગૃતિ ફેલાવવાનો અને તેના ઉપયોગમાં ઘટાડો લાવવાનો છે. આ ઉપરાંત, તમાકુ નિષેધને લઈને સરકાર દ્વારા કરવામાં આવેલા પ્રયાસો અને ઉપલબ્ધ સારવાર વિકલ્પો વિશે સામાન્ય લોકોને જાગૃત કરવાનો પણ છે.

જૂના સમયથી તમાકુ વિવિધ રૂપોમાં ઉપયોગમાં લેવાય છે, જેમાં મુખ્યત્વે ધુમ્રપાન, ચાવવાના સ્વરૂપમાં તથા આધુનિક તમાકુ ઉત્પાદનોમાં ઈ-સિગારેટ, વેપ્સ વગેરેનો ઉપયોગ થાય છે.તમાકુમાં રહેલું નિકોટિન એક લત લગાડનાર પદાર્થ છે.તે મગજમાં ડોપામિનની માત્રા વધારી આનંદદાયક અનુભવો પેદા કરે છે, જે તમાકુના વ્યસનનું મુખ્ય કારણ બને છે. સમય જતાં,વપરાશકર્તાઓને નિકોટિનની અસર પ્રાપ્ત કરવા માટે વધુ નિકોટિનની જરૂર પડે છે.અને નિકોટિન વિના, વ્યક્તિ ચીડિયાપણું, ચિંતા અને બેચેની જેવા લક્ષણો અનુભવે છે.

સામાજિક-સાંસ્કૃતિક પરિબળો, સામાજિક ધોરણો, જાહેરાતો અને તેની સુલભતા પણ તમાકુના વ્યસનમાં ખૂબ મોટો ફાળો ભજવે છે.તમાકુનું સેવન શારીરિક, માનસિક, સામાજિક અને આર્થિક એમ તમામ રીતે નુકસાનકારક છે. તેના ઉપયોગથી કેન્સર જેવી ગંભીર બીમારીઓ થાય છે, જેમાં ફેફસાં, મોં, ગળા, સ્વાદુપિંડ અને મૂત્રાશયનું કેન્સર મુખ્ય છે. અને તેના આંકડા ચોંકાવનારા છે.

દર વર્ષે વિશ્વમાં ૮૮ લાખ લોકો તમાકુના કારણે મૃત્યુ પામે છે.ભારતમાં આ આંકડો ૧૩.૫ લાખનો છે.તમાકુમાં ૭,૦૦૦થી વધુ રસાયણો હોય છે, જેમાંથી ઓછામાં ઓછા ૭૦ કેન્સરકારક છે.તે હૃદયરોગ, સ્ટ્રોક, ઈઘ્ડઉ (ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ), બ્રોન્કાઇટિસ, ગર્ભપાત અને પુરુષોમાં પ્રજનન અક્ષમતા જેવા પરિણામો સાથે પણ જોડાયેલું છે.ધૂમ્રપાન કરતા લોકોના સંપર્કમાં રહેલા બાળકો અને પરિચિતો પણ સેકન્ડહેન્ડ સ્મોકના લીધે મોટી બીમારીઓના ભોગ બને છે. એક સર્વેક્ષણ મુજબ, સમય જતાં તમાકુ તેના ૫૦% વપરાશકર્તાઓનો ભોગ લે છે.આર્થિક દ્રષ્ટિએ પણ તમાકુનો ઉપયોગ વ્યક્તિ અને પરિવારો પર નોંધપાત્ર બોજ લાદે છે.

તમાકુનો ઉપયોગ મોં અને દાંત સહિત મૌખિક સ્વાસ્થ્ય પર નોંધપાત્ર નકારાત્મક અસરો કરે છે, જેમાં ડાઘવાળા દાંત, પેઢાનો રોગ, શ્વાસની દુર્ગંધ, દાંતમાં સડો, શરીરની સાજા થવાની ક્ષમતામાં નબળાઈનો સમાવેશ થાય છે.

**તમાકુ છોડવા માટેના વિવિધ ઉપાયો:** વર્તણૂક થેરાપી અને કાઉન્સેલિંગ, સપોર્ટ જૂથો, નિકોટિન રિપ્લેસમેન્ટ થેરાપી, દવાઓ, ડિજિટલ એપ્લિકેશનો જેમ કે WHO Quit Tobacco, START વગેરેની મદદથી તમાકુના વ્યસનને છોડી શકાય છે.

**સરકાર દ્વારા તમાકુ વિરુદ્ધના પ્રયાસો:** તમાકુ મુક્તિ માટે સરકારે વિવિધ નીતિઓ અને કાર્યક્રમો અમલમાં મૂક્યા છે.જે સિગારેટ્સ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ્સ એક્ટ, ૨૦૦૩ હેઠળ જાહેર સ્થળે ધૂમ્રપાન પર પ્રતિબંધ, તમાકુ ઉત્પાદનોના પેકેટ પર ચિત્રાત્મક ચેતવણીઓ, ઈ-સિગારેટ પર પ્રતિબંધ, રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ, ધૂમ્રપાન છોડવા, જાગૃતિ અને કાયદાના અમલ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.રાષ્ટ્રીય આરોગ્ય નીતિ પણ તમાકુના નિયંત્રણ પર ભાર મૂકે છે અને તમાકુ પર કરવેરા વધારી ઉપયોગ ઘટાડવાનો પ્રયાસ કરે છે.

**જનતા માટે ઉપલબ્ધ સેવાઓ:** National Tobacco Quit Line Services (NTQLS): હેલ્પલાઇન નંબર ૧૮૦૦ ૧૧૨ ૩૫૬ અને વેબસાઇટ: https://ntcp.mohfw.gov.in/nationaltobacco-quitlineservices.

જામનગરની ગવર્નમેન્ટ ડેન્ટલ કોલેજ ખાતે પણ વ્યસનમુક્તિ કેન્દ્ર કાર્યરત છે, જેનો ૯૪૮૪૮૪૪૦૯૯ પર સંપર્ક કરી શકાય છે.

જામનગર વ્યસનમુક્તિ અંગે ગવર્નમેન્ટ ડેન્ટલ કોલેજનું પ્રશંસનીય યોગદાન.ગવર્નમેન્ટ ડેન્ટલ કોલેજ, જામનગરના પબ્લિક હેલ્થ ડેન્ટિસ્ટ્રી વિભાગ દ્વારા તમાકુ વ્યસનમુક્તિ ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૪માં આશરે ૧૨૦૦ દર્દીઓ તમાકુ છોડવા માટે આવ્યા હતા, જેમાંથી ૬૦% થી વધુ લોકોએ સફળતાપૂર્વક તમાકુ છોડ્યું છે.આ વિભાગ દ્વારા શાળાઓ, ઉદ્યોગો અને જાહેર સ્થળોએ કેમ્પ, રેલી અને જાગૃતિ કાર્યક્રમો દ્વારા સતત કામગીરી કરવામાં આવે છે.

ગવર્નમેન્ટ ડેન્ટલ કોલેજના ડીન ડો.નયના પટેલ તેમજ ડો.રોહિત અગ્રવાલની ટીમ દ્વારા જુદી જુદી સંસ્થાઓના સહયોગથી સમગ્ર વર્ષ દરમિયાન વ્યસનમુક્તિ માટે સતત ઝુંબેશ ચલાવવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે સતત છેલ્લા બે વર્ષથી અત્રેની ગવર્નમેન્ટ ડેન્ટલ કોલેજને રાષ્ટ્રીય સ્તરે તમાકુ વ્યસનમુક્તિ માટે પુરસ્કૃત કરવામાં આવેલ છે.આવો, તમાકુ મુક્ત ભારત માટે.વિશ્વ તમાકુ નિષેધ દિવસના આ અવસરે સંકલ્પ કરી તમાકુનો ત્યાગ કરીએ અને અન્યને પણ પ્રેરિત કરીએ.તમાકુના જોખમો વિશે જાગૃતિ ફેલાવીએ. તમાકુના પર્યાવરણીય અને સામાજિક જોખમો સામે અવાજ ઉઠાવી વ્યસન મુકત ભારત બનાવીએ.

# ઉનાના રહીમ નગર મસ્જિદ દેમરીયમની બાજુમાંથી બાઈક ઉઠાંતરી કરતો શખ્સ સીસીટીવી કેમેરા કેદ થયો



## નીચલા રહીમ નગરમાં ઘર પાસેથી બાઈક ચોરાતા પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના વિસ્તારમાં આવેલ નીચલા રહીમના ઘર પાસેથી મોટરસાયકલ ચોરીની ઘટના સામે આવી છે ઉનાના નીચલા રહીમ નગર વિસ્તારમાં રહેતા આરીફ યુસુફભાઈ મન્સૂરીતે પોતાના ઘર પાસે બાઈક પાર્કિંગ કરી બાઈક નંબર GJ 32 j 7861, ત્યારે તે ઘરમાં સૂતા હતા ત્યાં તેમને કોઈ કામ આવી આવ્યું અને પોતાની બાઈક લેવા જતા ત્યાં તેમની બાઈક નહોતી એટલે થોડી વાર તેમણે ગોતી બાઈકના મળી તેઓએ આજુબાજુ વિસ્તારમાં લાગેલા સીસીટીવી કેમેરાની તપાસ કરી એટલે બાજુમાં આવેલ મસ્જીદે મરિયમ જેમાં સીસીટીવી કેમેરા લાગેલા છે ત્યાં પોતાની બાઈક જે લઈ જાય છે તેના સીસીટીવી ફૂટેજ મળ્યા એટલે તરત જ તેમણે પોલીસનો સંપર્ક કર્યો અને પોલીસે વિસ્તાર પૂર્વક આરીફ ભાઈ પાસેથી માહિતી મેળવી અને પોલીસે આરીફ ભાઈ ની રજૂઆતને આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો કોણ છે આ બાઈક ચોર પોલીસ આની શોધખોળ કરી રહી છે

# જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને પ્રિ-મોન્સૂન કામગીરી અંગે સમીક્ષા બેઠક યોજાઈ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર.આગામી ચોમાસાની ઋતુને અનુલક્ષીને જિલ્લામાં ઓછામાં ઓછી જાન-માલની નુકસાની થાય અને જનજીવન અસરગ્રસ્ત ન બને તે હેતુથી જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને પ્રિ-મોન્સૂન કામગીરી અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.જિલ્લા કલેકટએ બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસાને કારણે થતી જાન-માલની નુકસાની અટકાવવા માટે આગોતરી તૈયારીઓ પૂર્ણ કરવા તથા ચોમાસાને સંલગ્ન જરૂરી ડિઝાસ્ટર પ્લાન તૈયાર કરવા સૂચના આપી હતી.તેમણે વિવિધ વિભાગો દ્વારા હાથ ધરાઈ રહેલ કામગીરીની પણ વિસ્તૃત સમીક્ષા કરી હતી.કલેક્ટરદ્વારા બચાવ અને રાહત કામગીરી માટે રેસ્ક્યુ, સર્વે તથા સર્ચ ટીમો તૈયાર રાખવા, આશ્રય સ્થાનોની વ્યવસ્થા કરવા, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સ્વયંસેવકોની યાદી બનાવવા, તરવૈયાઓ અને આપદા મિત્રોની યાદી તૈયાર રાખવા સૂચના આપવામાં આવી હતી.સાથે જ પાણી નિકાલના માર્ગ પરના અવરોધો દૂર કરવા અને પાણીના પ્રવાહની તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારોમાં જાણ કરી શકાય તે હેતુથી વોર્નિંગ સિસ્ટમ અમલમાં મૂકવા સૂચન કરવામાં આવ્યું. દરેક ગામોની સંપર્ક યાદી બનાવી ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવા પણ જણાવાયું હતું.ચોમાસા દરમિયાન આરોગ્ય અને સ્વચ્છતા જળવાઈ રહે તે માટે DDT છંટકાવ, વોટર ક્લોરીનેશન તેમજ જરૂરી દવાઓનો જથ્થો અનામત રાખવા અને માનવ કે પશુ મૃત્યુના કિસ્સામાં ત્વરિત કાર્યવાહી હાથ ધરવા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.સાથે વિસ્તારોમાં વીજ પુરવઠો જળવાઈ રહે તેની તકેદારી રાખવા અને સંચાર વ્યવસ્થા સક્રિય રાખવા માટે સૂચનો અપાયા હતા.કલેક્ટરએ જર્જરિત ઈમારતો તથા ભયજનક વૃક્ષો દૂર કરવા, દરિયાકાંઠે જરૂરી સિગ્નલો લગાવવા અને રેસ્ક્યુ માટેના વાહનોની યાદી બનાવવા જણાવ્યું હતું.તેમજ બુલડોઝર, જે.સી.બી., ટ્રક સહિતના જરૂરી સાધનો તૈયાર રાખવા સંબંધિત વિભાગોને સૂચના અપાઈ હતી.જિલ્લા કલેકટએ ઉપસ્થિત તમામ વિભાગોના અધિકારીઓને સંકલનમાં રહીને કામગીરી કરવા અને કોઈપણ પ્રકારની કટોકટીની પરિસ્થિતિનો સામનો કરવા માટે સજ્જ રહેવા જણાવ્યું હતું.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર, સહિત સંલગ્ન વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોંડલ આઇ.સી.ડી.એસ ઘટક દ્વારા આંગણવાડીના નિવૃત્ત બહેનોને ગ્રેચ્યુઇટીના રકમના ચેક આપવામા આવ્યા



## ગોંડલ ઘટક-૧ ના ૧૧ બહેનો અને ગોંડલ ઘટક-૨ ના ૭ બહેનો ને કુલ ૧૨ લાખ ની રકમ નું ચુકવણું કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ ઘટક માં સરકારશ્રી દ્વારા વર્કર હેલ્પર બહેનો ને નિવૃત્તિ બાદ ગ્રેચ્યુટી ચુકવવામાં આવે જે અન્વયે આજે ગોંડલ ઘટક-૧ ના ૧૧ બહેનો અને ગોંડલ ઘટક-૨ ના ૭ બહેનો ને કુલ ૧૨ લાખ ની રકમ નું ચુકવણું કરેલ છે.

આ ચેક વિતરણ પ્રોગામ ઉપસ્થિત તાલુકા પંચાયત પ્રમુખ,સામાજિક ન્યાય સમિતિના ચેરમેનના બી.પી.સોલંકી તેમજ તાલુકા પંચાયત સભય હિરેનભાઈ ગામી, જીલ્લા આરોગ્ય સમિતિ ના ચેરમેન ના પ્રતિનિધિ કિશનભાઈ ઠુમર તેમજ અન્ય પ્રતિનિધિ તેમજ ગોંડલ ઘટક ના બાળ વિકાસ યોજના અધિકારી સોનલબેન વાળા અને જુનિયર કલાર્ક નરેન્દ્રસિંહ ગોહિલ પોતાની યાદી માં જણાવેલ છે.

# ઉનાના સનખડા ગામે ચા બનાવતા જતા ગેસનો બાટલો લીક થતા આગ લાગી

## દાગીના સહિતની ઘર વખરી બળીને ખાક થઇ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉના તાલુકાના સનખડા ગામે આંબેડકર નગરમાં ભાઈ સાથે રહેતા વૃધ્ધા નાં મકાન માં ગેસ નો બાટલો લકિજ થતાં અને બપોર નાં સમયે ચા બનાવવા ગેસ ચાલું કરતાં અચાનક અકસ્માતે આગ ફાટી નિકળતાં વૃધ્ધા તાત્કાલિક ઘર ની બહાર નિકળી જતાં આગ એ વિકળાર સ્વરૂપ ધારણ કરતાં ઘર સળગવા લાગ્યું હતું ઘર માં રહેલી તમામ સામગ્રી અને સોનાચાંદીના દાગીના રોકડા રૂપિયા સહિત બળી ખાખ થઈ જતાં આ બાબતે ઊના નગરપાલિકા ફાયર બ્રિગેડ ને જાણ કરાતાં ફાયર બંબા સાથે ટીમ દોડી ગયેલ અને આગ કાબુમાં લીધી હતી પ્રાપ્ત માહિતી અનુસાર સનખડા ગામે પોસ્ટ ઓફિસ નજીક પાછળ આંબેડકર નગરમાં અનુસુચિત સમાજ નાં વયોવૃદ્ધ વૃદ્ધા પીઠીબેન માધાભાઈ ખુમાર ઊવ ૬૮ પોતાનાં ભાઈ દાસાભાઇ નગાભાઈ ગોહીલ ના ઘરમા નાં બહાર મહામુસીબતે નિકળી આવ્યા બાદ આગ કાબૂમાં નહીં આવતાં સનખડા ગામનાં સામાજિક કાર્યકરે નગરપાલિકા ફાયર બ્રિગેડ ને તાત્કાલિક જાણ કરતાં ઉના થી ૨૦ કી મી દુર સનખડા ગામે પહોંચી આગ કાબુમાં લીધ આગ લાગવાથી ઘર માં રહેલ રોકડ રકમ દાગીના સહિત વીજ ઉપકરણો પણ બળી ખાખ થઈ ગઈ હતી ઘરવકડી બનીને ખાદ થતાં તેમની આંખોમાં આંસુ છલકાયા હતા

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ફાયર સેફટીના નામે કરોડો રૂપિયાનું કૌભાંડ: કોંગ્રેસ હાથ સે હાથ જોડો સમીતીનો આક્ષેપ



તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ફાયર સેફ્ટીના નામે કરોડો રૂપિયાનું બિલ પાસ કરાવી સુવિધાના નામે લોલીપોપ આપતા કૌભાંડીયા અધિકારીઓ પર કોંગ્રેસ હાથ સે હાથ જોડો સમીતીએ આક્ષેપ કર્યો હતો. આ અંગે રાજકોટ શહેર કોંગ્રેસે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, સિવિલ હોસ્પિટલમાં માનીતી એજન્સીઓના બીલ પાસ કરાવી પ્રજાના રૂપિયા લુંટવામાં આવી રહ્યા છે. હાલમાં ફાયર સેફટીનું ૨૦ લાખનું ટેન્ડર રજૂ કરાયું છે. એ જોતા એવું લાગી રહ્યું છે કે, સિવિલ તંત્રને યંત્ર અને ફાયર એજન્સીની મીલી ભગત છે. તેવું રાજકોટ કોંગ્રેસ હાથ સે હાથ જોડો સમીતીના પ્રમુખ કલ્પેશ કુંડલીયાએ જણાવ્યું હતું.

# PGVCLની માઠી??? પૂર્વ સરપંચ સાથે લોકોએ PGVCL ઓફિસે નાખ્યાં ધામા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવા રાજકોટમા ભળેલા કાલાવડ રોડ ઉપરના વિસ્તારોમા આવેલ રૂડા દ્વારા નિર્મિત આવસોના લાભાર્થીઓ જીઇબી થી આઠ-આઠ દિવસથી પરેશાન થયા બાદ રાત્રીના ત્રણ વાગે લાઈટ જતા મુંજકા ગામના પૂર્વ સરપંચ જે. ડી. જાદવ સાથે વાત ચીત કરતા જીઇબી ઓફિસે લોકોના ટોળા સાથે પહોંચ્યા.

રાજકોટના કાલાવડ રોડ ફિલ્ડ માર્શલ વાડી વાળા રસ્તા ઉપર રૂડા દ્વારા નિર્મિત પરિશ્રમ આવાસ યોજનાના લાભાર્થીઓ છેલ્લા સાત આઠ દિવસથી રાત્રી તેમજ દિવસના અવાર નવાર લાઈટ જતા લાંબા સમય સુધી પરેશાની ભોગવતા હતા જેથી અનેક વાર ફોન કરવા છતા યોગ્ય જવાબો મળતો ન હતો, અને વધુ હેરાન થતા સોસાયટીના લોકો પ્રમુખને સાથે રાખી અને રજુઆત કરવાની વાત હાથ ઉપર રાખેલ હતી એવામા ૩૧/૫ના રોજ રાત્રીના ૩ વાગે લાઈટ જતા તમામ લોકો સોસાયટીના ગેટ પાસે એકત્રિત થયેલ હતા અને પ્રમુખની સાથે જીઇબી ઓફિસે જવાનું નક્કી કરેલ હતું ત્યારે કોઈ પ્રતિનિધિ સાથે રાખતા યોગ્ય જવાબ અને કાયમી નિરાકરણ માટે ચર્ચા થતા તેજ સમય પ્રમુખના મિત્ર સમાન મુંજકા ગામના પુર્વ સરપંચ એવા જે. ડી. જાદવને ટેલીફોનીક ચર્ચા કરવામા આવી, આખી વાત વિગતવાર પ્રમુખ દ્વારા રજુઆત કર્યા બાદ મુંજકાના સરપંચે પોતાનો ટેલિફોનને કામે લગડ્યો સંપુર્ણ માહિતી વિગતવાર જાણ્યા બાદ તેમને નક્કી કર્યું કે આવાસના લાભાર્થીઓ બહોળી સંખ્યામાં ઘણા સમયથી પરેશાન થઈ રહ્યા છે અને યોગ્ય નિકાલ માટે જવાબદાર વ્યક્તિ પાસે રજુઆત કરવી તે યોગ્ય છે જેથી તેમની સાથે તેઓ પણ લક્ષ્મીનગર માર્કેટ પાસે આવેલ જીઇબીની ઓફિસે ગયેલ હતા પરંતુ ત્યાં જતા તેમને જાણવા મળેલ કે કર્મચારી તમામ રીપેરીંગ માટે સ્થળ ઉપર ગયેલ છે માટે પછીના દિવસે અધિકારી સમક્ષ લેખિતમાં રજુઆત કરી અને કાયમી નિવારણ માટે આગળ વધવામા આવે તો તે યોગ્ય થશે. આવી રીતે એક વિસ્તારના જીઇબીથી પરેશાન સોસાયટીના લોકો માટે કોર્પોરેટર નહિ પણ પાડોસી વિસ્તારના સરપંચ જીઇબીની ઓફિસે જઈને વાહરે આવેલ હતા.

ત્યારે હવે જીઇબીની લાગે છે કે માઠી ચાલી રહેલ છે અને જો આગામી દિવસોમા જીઇબી આજ પ્રકારની કામગીરી કરતી રહેશે તો હવે દરેક વ્યક્તિ જાગૃત છે અને પ્રતિનિધિઓ પરેશાન, એટલે અધિકારીનો હવે લેખિતમા જવાબ આપવા તૈયારીઓ રાખવી પડશે.

# ઢેબરકોલોની પાસે બગીચામાં પ્રેમી પંખીડાએ સજોડે વખ ઘોળ્યુ: સગીરાના પરિવારનો યુવાન પર હુમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં ઢેબરકોલોની પાસે આવેલા બગીચા પાસે ૧૬ વર્ષની તરૂણી અને ૨૫ વર્ષના યુવાનને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની તરૂણીના સંબંધીઓને જાણ થતા તેણે યુવકને બેટથી મારમારતા બન્ને સારવાર અર્થે સિવિલ હોસ્પિલમાં ખસેડયા હતા. બનાવ અંગે ભકિતનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ પારેવડી ચોકમાં આવેલ ગીતા એન્ટરપ્રાઈઝમાં રહેતો ઉત્સવ લાલજીભાઈ વસાવા (ઉ.૨૫) તથા ઢેબર રોડ વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષીય તરૂણીએ નજીકમાં આવેલ બગીચા પાસે સજોડે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની તરૂણીના સંબંધીઓને જાણ થતા તેણે યુવકને જાહેરમાં બેટથી ફટકાર્યો હતો. હાલ તરૂણી અને યુવાનને સારવાર અર્થે સિવિલ હોસ્પિલમાં ખસેડયા હતા. બનાવ અંગેની હોસ્પિલ ચોકીના સ્ટાફે નોંધ કરી ભકિતનગર પોલીસને જાણ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં બન્ને વચ્ચે પ્રેમસંબંધ હોય અને પરિવાર એક નહીં થવા દે તે બીક પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. તેમજ તરૂણીના પિતાએ જણાવ્યું હતું કે ઉત્સવ નામનો યુવાન મૂળ વડોદરાનો વતની છે ત્યાંથી તળીપાળ થઈ અહીં આવ્યો છે. અને તેની પર અગાઉ ત્રણ-ચાર ગુનાઓ નોંધાઈ ચુકયા હોવાનું જણાવતાં પોલીસે તપાસ યથાવત રાખી છે.

# રક્ષક બન્યા ભક્ષક: બાબરામાં સગીરા અને સાવરકુંડલામાં યુવતી સાથે પોલીસ કર્મીનું દુષ્કર્મ

**ફરીયાદ થતા સમગ્ર પંથકમાં ચકચાર**

## સગીરાને સોશિયલ મીડીયામાં મિત્રતા કેળવી અને ભોગ બનાવી

**મુખ્ય સમાચાર, અમરેલી**

અમરેલી જિલ્લામાં એક જ દિવસમાં એક વિદ્યાર્થીની અને એક યુવતિ સાથે દુષ્કર્મની પોલીસમાં ફરિયાદ નોંધાય છે જેમાં બંને આરોપી પોતે જ પોલીસ કર્મી હોય આ બનાવથી ભારે ખળભળાટ મચી જવા પામેલ છે.

બાબરા ગામે રહેતી એક ૧૪ વર્ષીય વિદ્યાર્થીનીને બાબરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અને બાબરા ગામે આવેલ દાનેવનગર સોસાયટીમાં રહેતા આરોપી રવિરાજસિંહ ચૌહાણ પોતે પોલીસમાં નોકરી કરે છે. અને તેમણે છેલ્લા ચાર માસથી તા.૨૯ બપોરના અઢી વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન ભોગબનનાર તથા તેણીના મમ્મીને હેરાન કરવાની અવાર નવાર ધમકી આપી ભોગબનનાર વિદ્યાર્થીની સાથે અવાર નવાર સ્નેપ ચેટમાં વાતચીત કરી તથા ભોગબનનારને તેણીના વાલીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ ભોગબનનારની શરીર અડપલા કરી તથા આરોપીએ ભોગબનનારની મરજી વિરૂધ્ધ એક વખત શરીર સંબધ બાંધી બળાત્કાર કરી ભોગબનનારની જાતીય સતામણી કરી, જાતીય હુમલો કરી ગુન્હો કર્યા હોય આ અંગે બાબરા પોલીસમાં ફરિયાદ નોંધતા અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.આર. સરવૈયાએ તપાસ હાથ ધરી આરોપીની શોધખોળ આદરેલ છે.



જ્યારે બીજા બનાવમાં સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૩૦ વર્ષિય યુવતિને મુળ ધારી તાલુકાના જરપરા ગામના વતની અને હાલ અમરેલી, પોલીસ લાઈનમાં રહેતા અને પોલીસ કર્મી તરીકે ફરજ બજાવતા આરોપી મહેશભાઈ કમાભાઈ સોલંકીએ તા.૨૯ ના રોજ ૪/૫૦ વાગ્યે ગાંધીબાગ પાસે યુવતીને લઈ જઈ યુવતીને લગ્ન કરવાની લાલચ આપી ભોગબનનાર સાથે અવાર-નવાર બળજબરી પૂર્વક શરીર સબંધ બાંધી યુવતિને લાફો માર્યાની અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધતા આ બનાવ અંગે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. એમ.વી.લુવાએ તપાસ હાથ ધરેલ છે.

# ઓખા-ભાવનગર એક્સપ્રેસ ટ્રેનમાં થર્ડ એસી કોચની સુવિધા

યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને, રેલ્વે વહીવટીતંત્રે આગામી ૬ મહિના માટે ટ્રેન નં. ૧૯૨૧૦/૧૯૨૦૯ ઓખા-ભાવનગર એક્સપ્રેસમાં હંગામી ધોરણે એક થર્ડ એસી કોચ સુવિધા પૂરી પાડવાનો નિર્ણય લીધો છે. વિગતો નીચે મુજબ છે:-

૧) ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસમાં ૩.૬.૨૦૨૫ થી ૩.૧૨.૨૦૨૫ સુધી એક થર્ડ એસી કોચ ઉમેરવામાં આવશે.

૨) નંબર ૧૯૨૦૯ ભાવનગર-ઓખા એક્સપ્રેસમાં ૨.૬.૨૦૨૫ થી ૨.૧૨.૨૦૨૫ સુધી ટ્રેન એક થર્ડ એસી કોચ ઉમેરવામાં આવશે.

# આટકોટ-ગોંડલ ચોકડી પાસે મહિલાના ગળામાંથી સોનાના ચેઈનની ચિલઝડપ

આટકોટ-ગોંડલ ચોકડી પાસે બાઈક સવાર મહિલાના ગળામાંથી ઝોટ મારી સોનાના ચેઇનની ચિલઝડપ કરી સમડી ફરાર થઈ જતાં આટકોટ પોલીસે તપાસનો ધમધમાટ આદર્યો હતો ફરીયાદમાં જણાવ્યું હતું. તેના પત્ની ભીનાબેન સાથે ઘરેથી વિરનગર મંડળીમા સહી કરવા માટે જવાનુ હોય જેથી બાઈક લઈ દંપતી વિરનગર ગયેલ અને ત્યા વિરનગર જુથ સેવા સહકારી મંડળી પર જઈ તેઓની પત્નીની સહી કરી બન્ને ત્યાથી નિકળી ઘરે જતા હતા તે વખતે આટકોટ-ગોંડલ ચોકડી પાસે આવેલ વરણી રાજ હોટલની પહેલા પહોંચતા ત્યા બે અજાણ્યા બાઈક ચાલક જે નંબર પ્લેટ વગરનુ બાઈક હોય તે બાઈક ચાલકે તેની પાછળ બેઠેલ અજાણ્યા માણસે જેમને માથાઉપર હેલ્મેટ પહેરેલ હતું. અજાણ્યા શખ્સો બાઈકમાં તેમની પાછળ આવેલ અને તે ભાઈકમાં પાછળ બેઠેલ અજાણ્યા શખ્સે ફરિયાદીની પત્ની બીનાબેનના ગળામાં પહેરેલ રૂ.૬૦ હજારનો સોનાનો ચેઇન ગળામાંથી આંચકી ઝુટવી લઇ નાસી છૂટયા હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી આટકોટ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી. આટકોટ પોલીસે ઘટના સ્થળે દોડી ગયા હતાં અને આજુબાજુના સીસીટીવી કેમેરા ની તપાસ હાથ ધરી હતી.

# વી.વી.પી માં સિવિલ એન્જીનીયરીંગ વિભાગના વિદ્યાર્થીઓ માટે જોબફેર યોજાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છની સર્વપ્રથમ સેલ્ફ ફાઈનાન્સ વીવીપી એન્જીનીયરીંગ કોલેજ-સિવિલ વિભાગ દ્વારા જોબફેરનું આયોજન કરવામાં આવેલ હતુ, જેમાં ૧૩-કંપનીઓ દ્વારા સિવિલ વિભાગના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા કુલ ૧૮-વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન જ પ્લેસમેન્ટ આપવામાં આવ્યું હતું.

૧૩- કંપનીઓમાં એકઝોકોર્પ પ્રા.લી, સ્ટુકોન કન્સલ્ટન્ટ,સ્ટન મટી. ટેસ્ટીંગ લેબ, જયેશ દલાલ એન્ડ કુ., તથાસ્તુ આર્કીટેકટ, હસીત ખોલીયા, પરાગ ઉદાણી આર્કીટેકટ ફર્મ, ટી.ઈ. કોન એસોસીએટસ, રાજ કોન્સેપ્ટ પ્રા.લી., મૌર્ય વેલ્યુએશન ફર્મ, એ. કે. એપ્રેઝલ એન્ડ કુ., જીયોગ્રીડ કન્ઝર્વ પ્રા. લી. જેવી નામાંકિત કંપનીઓનો સમાવેશ થાય છે.

હાલ બાંધકામ ક્ષેત્રે વિવિધ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટસ, ગવર્નમેન્ટના સિવિલ કન્સ્ટ્રકશન પ્રોજેક્ટસમાં તેમજ પ્રાઈવેટ મેગા રેસીડેન્સીયલ અને કોમર્શિયલ પ્રોજેક્ટ્સમાં એન્જિનિયરોની માંગ વધેલ છે. આ ઉપરાંત પ્લાનીંગ લેવલે આર્કિટેકટ અને ઇન્ટિરિયર ડિઝાઈનિંગ, સ્ટ્રકચરલ કન્સલ્ટન્સી, વેલ્યુએશન ફીલ્ડ તેમજ મટીરીયલ ટેસ્ટીંગ લેબમાં પણ સિવિલ એન્જીનીયરો ની ડિમાન્ડ વધેલ છે.

પ્લેસમેન્ટ મેળવનાર વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ એ વી.વી.પી. સિવિલના શ્રેષ્ઠ શિક્ષણ, પ્રાધ્યાપકોની મહેનત-સંભાળ-જ્ઞાન-પુરુષાર્થ પ્રત્યે આનંદ અને સંતોષની લાગણી વ્યક્ત કરેલ હતી.

જોબફેર ની સફળતા માટે વી.વી.પી.ના આચાર્ય ડો. પિયુષભાઈ વણઝારાના માર્ગદર્શન હેઠળ સિવિલ વિભાગના વડા ડો. જે. વી. મહેતા, પ્લેસમેન્ટ કો-ઓર્ડીનેટર પ્રો. જીજ્ઞેશભાઈ શાહ તથા સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

આ તકે વી.વી.પી.ના સિવિલ વિભાગને સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ દવે તથા ડો. નવીનભાઈ શેઠે શુભેચ્છા પાઠવેલ છે.

# રાજકોટમાં આજે સિવિલ ડિફેન્સની ઓપરેશન શિલ્ડ મોકડ્રીલ યોજાશે

## ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બાદ આગોતરી તૈયારીના ભાગરૂપે રાજકોટના માધાપર વિસ્તારમાં મોકડ્રીલ અને બ્લેક આઉટનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકારની સૂચના અનુસાર દેશના સંવેદનશીલ વિસ્તારોમાં વસવાટ કરતા નાગરિકોની સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી અને મૂલ્યાંકન કરવા માટે નાગરિક સંરક્ષણ કવાયત (સિવિલ ડિફેન્સ મોકડ્રીલ) ૩૧ મેના રોજ શહેરના માધાપર વિસ્તારમાં યોજાશે.

કલેક્ટર પ્રભવ જોષીએ આ સંદર્ભે જણાવ્યું હતું કે, ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા દુશ્મન દેશના હુમલા સામે નાગરિક સંરક્ષણની તૈયારીઓને વધારવા માટે દેશના પશ્ચિમી સરહદને અડીને આવેલા રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ જિલ્લાઓમાં નાગરિક સંરક્ષણ કવાયત ''ઓપરેશન શિલ્ડ''નું આયોજન કરવામાં આવ્યું છે.

ભારત સરકારના આદેશ તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજકોટમાં આજે તા. ૩૧ મે, શનિવારના રોજ સાંજે માધાપરની ઉત્તરે રેલવે ટ્રેક વિસ્તાર, દક્ષિણે રાજકોટ જામનગર હાઈવે, પૂર્વમાં રાજકોટ મોરબી બાયપાસ તેમજ પશ્ચિમે નાગેશ્વર જતા રોડ સુધીના વિસ્તારમાં નાગરિક સંરક્ષણ કવાયત હાથ ધરવામાં આવશે. ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બાદ દુશ્મન દેશ તરફથી થતા કોઈપણ સંભવિત હુમલા સામે ટક્કર ઝીલવા આગોતરી તૈયારીના ભાગરૂપે આ મોકડ્રીલનું આયોજન કરાયું છે.

રાજ્ય સરકારના આદેશ અનુસાર માધાપર વિસ્તારમાં રાત્રે ૮ વાગ્યે સાઈરન વગાડવામાં આવશે, જે દરમિયાન આજુબાજુના વિસ્તારોમાં રહેતા નાગરિકોએ ટોટલ બ્લેકઆઉટનું પાલન કરવાનું રહેશે. તમામ નાગરિકોએ આ સમયે પોતપોતાના ઘરની લાઈટ તથા સોસાયટીની કોમન લાઇટ બંધ કરવાની રહેશે. રસ્તા પર ચાલતા વાહનોએ પોતાની મૂવમેન્ટ બંધ કરીને રસ્તાની સાઈડમાં પાર્ક કરવાના રહેશે તથા બ્લેક આઉટનું ચુસ્તપણે પાલન કરવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રહીશોને નમ્ર અપીલ કરવામાં આવી છે. આ કવાયતમાંથી કોઈ પણ પ્રકારની ઈમરજન્સી તેમજ તમામ મેડિકલ સર્વિસિઝને મુક્તિ આપવામાં આવી છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોકડ્રીલ અન્વયે કરવામાં આવેલી તૈયારીઓની સમીક્ષા કરતાં કલેક્ટરએ મોકડ્રીલના સફળ અમલીકરણ માટે સંબંધિત તમામ સરકારી વિભાગોના અધિકારીઓને આ અંગે સવિસ્તર



સૂચનાઓ આપી હતી.

આ કવાયત દરમિયાન નાગરિક સુરક્ષાને લગતી સ્થાનિક પ્રશાસનની સુસજ્જતા, એન. સી. સી. તથા યુવા વોલન્ટીયર્સની સેવાઓ લેવાની, દુશ્મનના વિમાની અને મિસાઇલ હુમલા સંદર્ભે, એર રેપિડ સાયરન કાર્યરત કરવાની, સંપૂર્ણ અંધારપટ કરી નાગરિકો અને તેમની જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરવા જેવી વિવિધ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત, સંભવિત હુમલા બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે મેડિકલ ટીમનું તાત્કાલિક ડીપ્લોયમેન્ટ કરવા સંદર્ભે કલેકટર જરૂરી સૂચનાઓ આપી છે. આ કવાયત દરમિયાન જરૂરી તમામ વિભાગો અને સ્ટેકહોલ્ડર્સ દ્વારા સમયસર સંકલન કરવામાં આવશે. ૨૦૦ થી વધુ એન.સી.સી.કેડેટસ તથા યુવા વોલન્ટીયર્સ આ ઓપરેશનમાં સામેલ થશે.

# રાજકોટ કલેક્ટર કચેરી ખાતે ટી.ડી.એસ. જાગૃતિ સેમિનાર યોજાયો




## મહેકમ, હિસાબી અને સંબંધિત વિભાગના કર્મયોગીઓને કર કપાત અંગે ઝીણવટપૂર્ણ માહિતી પુરી પાડતું ઈન્કમટેક્સ ડીપાર્ટમેન્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની કલેક્ટર કચેરીના સભા ખંડ ખાતે ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા ટેક્સ ડિડકટેડ એટ સોર્સ (ટી.ડી.એસ.) જાગૃતિ સેમિનાર યોજાયો હતો.

આ સેમિનારમાં ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટના ઓફિસરશ્રી સમર્થ જોશીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી ઈન્કમટેક્સ ભરવાના ફાયદાઓ, પ્રોવિઝન ઓફ સેલેરી, શોર્ટ ડિડકશન, શોર્ટ પેમેન્ટ, ડિમાન્ડ એનાલિસિસ, જસ્ટિફિકેશન ઓફ રિપોર્ટ, લેટ ફાઈલિંગ ફી, તેના પર લાગતું વ્યાજ, ક્યા સેક્શનમાં ટી.ડી.એસ.ક્યા દરે કાપવું, ઈન્કમટેક્સના વિવિધ કાયદાઓ સહિતના મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે વિસ્તૃત માહિતી ઉપસ્થિત સર્વેને આપી હતી. સેમિનારના અંતે પ્રશ્નોતરી કરીને સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓએ સંવાદ કર્યો હતો.

આ તકે ઈન્કમટેક્સ ડીપાર્ટમેન્ટના જોઈન્ટ કમિશનર અનન્યા કુલશ્રેષ્ઠ, ઈન્કમટેક્સ ઓફિસર વિરેન મહેતા, રાજીવ કુમાર, કલેક્ટર કચેરીની હિસાબી શાખા, પેટા હિસાબી શાખા, મહેકમ શાખા, અપીલ શાખા, ખાસ શાખાના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૪ અને ૧૧ જૂન ની જામનગર-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ અને વેરાવળ-ગાંધીનગર ઇન્ટરસિટી એક્સપ્રેસ મોડી ઉપડશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિવિઝનના રાજકોટ-બિલેશ્વર સેક્શનમાં આવેલા બ્રિજ નંબર ૨૨૫ ના ગર્ડર ફરીથી લગાવવા માટે એન્જિનિયરિંગ વિભાગ દ્વારા બ્લોક લેવામાં આવશે.

આ બ્લોકના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે ટ્રેનોના સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવ્યો છે. વિગતવાર માહિતી નીચે મુજબ છે:

૧) ટ્રેન નંબર ૧૨૪૭૭ જામનગર-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ ૦૪.૦૬.૨૦૨૫ અને ૧૧.૦૬.૨૦૨૫ ના રોજ જામનગરથી તેના નિર્ધારિત સમય ૦૮:૩૦ વાગ્યાને બદલે ૨ કલાક મોડી એટલે કે ૧૦:૩૦ વાગ્યે ઉપડશે.

૨) ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ ૦૪.૦૬.૨૦૨૫ અને ૧૧.૦૬.૨૦૨૫ ના રોજ વેરાવળથી તેના નિર્ધારિત સમય ૭:૩૦ વાગ્યાને બદલે ૧ કલાક ૧૫ મિનિટ મોડી એટલે કે ૮:૪૫ વાગ્યે ઉપડશે.

ટ્રેનોના સંચાલન સમય વિશે વધુ માહિતી માટે, યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# 'રાષ્ટ્રીય વયોશ્રી' યોજના અંતર્ગત વૃદ્ધજનો માટે રાજકોટ જિલ્લામાં ૪ થી ૨૦ જૂન દરમિયાન યોજનારા સાધન સહાય એસેસમેન્ટ કેમ્પ

## વયોવૃદ્ધોને વોકિંગ સ્ટિક, વોકર્સ, વ્હીલ ચેર, હિયરિંગ એઈડ મશીન, દાંતના ચોકઠા સહિતની સાધન સુવિધા અપાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા ખાતે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, દિલ્હી હેઠળની ભારત સરકારની ''રાષ્ટ્રીય વયોશ્રી યોજના'' અંતર્ગત ૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટીઝન્સ માટે વિનામૂલ્યે વોકિંગ સ્ટીક, કાખઘોડી, ટ્રાઈપોડ, વોકીંગ એડ મશીન, ફોલ્ડીંગ વ્હીલચેર, આર્ટિફિશિયલ દાંત સહિતના વિવિધ પ્રકારના સાધનો આપવા માટે એલિમ્કો કંપની દ્વારા તાલુકા કક્ષાએ તથા રાજકોટ શહેરમાં આગામી તા. ૪ થી ૨૦ જૂન દરમિયાન એસેસમેન્ટ કેમ્પ યોજાનાર છે.

આ કેમ્પના પૂર્વ આયોજન માટે કલેક્ટર પ્રભવ જોશીએ રાજકોટ જિલ્લાના પ્રાંત અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિગતવાર ચર્ચા કરી હતી.

૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટીઝન્સને સરકારશ્રીની આ યોજનાનો લાભ મળે તે માટે યોગ્ય કામગીરી કરવા ઉપરાંત વૃદ્ધોને પેન્શન યોજનાનો લાભ, આયુષ્માન ભારત કાર્ડ સહિત અન્ય જરૂરી દાખલાઓમા વિધવા સહાય, હયાતીના દાખલા પણ કેમ્પમાં કાઢી આપવા માટે પ્રાંત અધિકારી ગોંડલ, જસદણ, ધોરાજીને સૂચના આપી હતી.

રાજકોટ જિલ્લામાં આગામી તા. ૪ જૂનના રોજ ઉપલેટા સરકારી હોસ્પિટલ, ૫ જૂનના ધોરાજી સરકારી હોસ્પિટલ તેમજ જેતપુર સરકારી હોસ્પિટલ, ૯ જૂનના ગોંડલ સરકારી હોસ્પિટલ, ૧૦ જૂનના જામકંડોરણા સીએચસી, ૧૧ જૂનના કોટડા સાંગાણી સીએસસી, ૧૨ જૂનના જસદણ સરકારી હોસ્પિટલ, ૧૩ જૂનના વિંછીયા સીએચસી, ૧૬ ના સીએચસી લોધિકા, ૧૭ તારીખના સીએચસી પડધરી, ૧૮ તારીખના પીએચસી કુવાડવા તેમજ ૧૯ અને ૨૦ જુનના રોજ રાજકોટ શહેરમાં વિવિધ વોર્ડ વાઇઝ એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવશે. કલેક્ટરએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તમામ પ્રકારની વ્યવસ્થા મામલતદારઓ તેમજ આરોગ્ય અધિકારીના સંકલનમાં રહીને પૂરી કરવા માટે પ્રાંત અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ તેમજ પ્રાંત અધિકારી મહેક જૈન તેમજ ચાંદની પરમાર તેમજ સમાજ સુરક્ષા વિભાગના અધિકારીઓ જોડાયા હતા.

# તળાજા નજીક અકસ્માતમાં બાઈક સવાર યુવાનનું મૃત્યુ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભાવનગર જિલ્લાના તળાજા પંથકમા કાળચક્ર ફરતું હોય તેમ ૨ કલાક મા અલગ અલગ બે અકસ્માત બન્યા હતા જેમાં બે યુવકો ના વાહન ને લઈ મૃત્યુ થયા છે.હબુકવડ ગામના પટેલ યુવાન બાઈક લઈને ટીમાણા ગામના વળાંક માંથી પસાર થતા હતા એજ સમયે સામેથી આવતા બોલેરો સાથે અકસ્માત સર્જાયો હતો જે યુવકને મૃત્યુલોક લઈ ગયેલ.

તળાજા પંથકમા વાહન અકસ્માત ને લઈ કંધોતર મોત ને ભેટી રહ્યા છે.હબુકવડ ગામના ખેડૂત પરિવાર ના કાકડીયા હરેશ વેલજીભાઈ ઉ.વ.૩૫ આજે બપોરે બાઈક નં.જીજે૦૪-ડીજી-૯૨૭૧ ઉપર સવાર થઈને ટીમાણા નજીક સીધેશ્વર સ્કૂલ પાસેના વળાંક માંથી પસાર થઈ રહ્યા હતા.એજ સમયે સામેથી આવતા બોલેરો નં.જીજે ૩૨-ટી ૧૪૭૪ સાથે અકસ્માત થતા હરેશ કાકડીયા ને ગંભીર ઈજાઓ થતા દિહોર ૧૦૮ દ્વારા તળાજા રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરેલ હતા.બોલેરો ચાલક હબુકવડ ગામના દિલુભાઈ કેશુભાઈ મોભ ની માલિકી નો હોવાનું અને દિલુભાઈ ને અગાઉ પણ એક અકસ્માત થયેલ હોવાનું અહીંથી જાણવા મળ્યું હતું.મૃતક નો દીકરો સુરત જ્યારે દીકરી અમરેલી ખાતે અભ્યાસ કરે છે.

# વોર્ડ નં.૩માં માર્જીનમાં વધારાનુ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવ્યું

## ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા સેન્ટ્રલ ઝોન હેઠળના વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મ્યુનીસીપલ કમિશનર તુષાર સુમેરા તથા નાયબ મ્યુનિસિપલ કમિશ્નર એચ. આર. પટેલની સૂચના અનુસાર તથા એડી. સીટી એન્જીનીયર એ. એ. રાવલના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા તા.૩૦/૦૫/૨૦૨૫ના રોજ શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તાર પૈકી વોર્ડ નં.૩માં રક્ષિત કોમ્પલેક્ષ, અયોધ્યા સોસાયટી. ૧૫૦ ફૂટ રિંગ રોડ પર માજીર્નમા વધારાનુ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે.

આ કામગીરીમાં ટાઉન પ્લાનીંગ શાખાના સેન્ટ્રલ ઝોનનો તમામ સ્ટાફ,બાંધકામ શાખા, જગ્યા રોકાણ શાખા, રોશની શાખા, ફાયર બ્રીગેડ શાખા, સ્થળ પર હાજર રહેલતથા આ કામગીરી દરમ્યાન સ્થાનિકે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વિજિલન્સ શાખાનો સ્ટાફ પણ સ્થળ પર હાજર રહેલ.

# મુંબઈ ફાઈનલમાં પહોંચવા પંજાબ સામે ટકરાશે

## હાઈસ્કોરીંગ એલીમીનેટર મેચમાં મુંબઈના ૨૨૮ સામે ગુજરાત માત્ર ૨૦૮ રન બનાવી શકયુ




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

શુક્રવારે IPL ૨૦૨૫ એલિમિનેટર મેચમાં રોહિત શર્મા (૮૧) અને જોની બેયરસ્ટો (૪૭) ની વિસ્ફોટક ઇનિંગ્સની મદદથી મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાત ટાઇટન્સને ૨૦ રનથી હરાવ્યું. આ સાથે તેને ફાઈનલમાં પહોંચવાની બીજી તક મળી. હવે રવિવારે ક્વોલિફાયર-૨ માં મુંબઈનો મુકાબલો પંજાબ સામે થશે.

પહેલા ટોસ જીત્યા પછી પ્રથમ બેટિંગ કરતા, મુંબઈએ ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૨૨૮ રનનો વિશાળ સ્કોર બનાવ્યો. જવાબમાં ગુજરાત ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૦૮ રન જ બનાવી શક્યું. સાઈ સુદર્શને ૮૦ (૪૯ બોલ)નો સર્વોચ્ચ સ્કોર બનાવ્યો. કેપ્ટન શુભમન ફક્ત એક જ રન બનાવી શક્યો. તેને તેની પહેલી જ ઓવરમાં ટ્રેન્ટ બોલ્ટે આઉટ કર્યો.

આ પહેલા, રોહિતે ૫૦ બોલમાં ઝડપી ૮૧ રન બનાવ્યા હતા અને બેયરસ્ટોએ ૨૨ બોલમાં ૪૭ રન બનાવ્યા હતા. જોની બેયરસ્ટોએ સિઝનના શ્રેષ્ઠ બોલર પ્રસિદ્ધ કૃષ્ણાની એક ઓવરમાં ૨૬ રન ફટકાર્યા, જેમાં ત્રણ છગ્ગાનો સમાવેશ થાય છે.

રોહિત શર્મા પણ પાછળ રહ્યો નહીં. જ્યારે ગુજરાતે પાવરપ્લેમાં તેના બે કેચ છોડી દીધા ત્યારે પણ તેના નસીબે તેનો સાથ આપ્યો. પહેલા ગેરાલ્ડ કોટ્ઝીએ ઊંડાણમાં પોતાનો કેચ છોડ્યો, અને પછી કુસલ મેન્ડિસે મોહમ્મદ સિરાજના બોલ પર એક સરળ કેચ છોડ્યો.

રોહિતે આ ભૂલોનો પૂરો ફાયદો ઉઠાવ્યો અને સ્પિનર સાઈ કિશોર સામે સ્વીપ શોટ્સનો ધમાકેદાર પ્રદર્શન કર્યું. ૧૧૩/૧ ના સ્કોર પર ૧૦ ઓવર પૂર્ણ થયા ત્યાં સુધી મુંબઈનો રન રેટ અટક્યો નહીં.

બાદમાં, તિલક વર્મા (૨૫ રન, ૧૧ બોલ) એ પણ તકનો ઉપયોગ કર્યો અને ત્રણ છગ્ગા સાથે ઝડપી રન બનાવ્યા. છેલ્લી ઓવરમાં, સુકાની હાર્દિક પંડ્યાએ કોટઝી સામે બે છગ્ગા ફટકાર્યા, જેમાં એક ઓવરમાં ત્રણ છગ્ગા અને બે વાઈડનો સમાવેશ થાય છે, જેનાથી મુંબઈનો સ્કોર ૨૨૫ થી વધુ થઈ ગયો.

# ધ્રોળમાં યુવાનનો પત્ની સાથે ઝઘડો થતા તેણે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો



**મુખ્ય સમાચાર, જામનગર**

ધ્રોલમાં ગોદળીયા વાસ વિસ્તારમાં રહેતા એક યુવાને પોતાની પત્ની સાથે ઝઘડો થવાથી મનમાં લાગી આવતાં ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે. આ બનાવની વિગત એવી છે કે ધ્રોલમાં ગોદળીયા વાસ વિસ્તારમાં રહેતા કમલેશ નાનજીભાઈ ગોદારીયા નામના 30 વર્ષના યુવાને આજે સવારે પોતાના ઘેર લાકડાની આડશમાં ચૂંદડી બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.

આ બનાવ અંગે મૃતકના મોટાભાઈ મહેશ નાનજીભાઈ ગોદારીયા એ પોલીસને જાણ કરતાં ધ્રોલ પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી.પી. વધોરાએ બનાવના સ્થળે પહોંચી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસમાં જાહેર કરાયા અનુસાર

મૃતક યુવાનને પોતાની પત્ની વચ્ચે ઘણા સમય થી ઝઘડો ચાલતો હતો. પત્ની સાથે ઝઘડો થયા બાદ તેને મનમાં લાગી આવ્યું હતું, અને તેના કારણે આ પગલું ભરી લીધું હોવાનું જાહેર કર્યું છે.

## સરકાર સમક્ષ રજુઆત બાદ છુટછાટની તૈયારી

# ૨ લાખ સુધીના સોના સામેના ધિરાણમાં નવા નિયમોમાં રાહત અપાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં સોના સામે ધિરાણમાં થઈ રહેલા સતત વધારા અને તે પ્રકારના ધિરાણમાં હવે અનેક નવા અંકુશો લાદવાની તૈયારી વચ્ચે નાણામંત્રાલય રૂા.૨ લાખ સુધીનું ધિરાણ લેનારને આ પ્રકારના અંકુશ કે આકરા નિયમોથી મુક્ત રાખે તેવા સંકેત છે.



ભારતમાં સોનાને એક સલામત કૌટુંબિક રોકાણ તરીકે જોવામાં આવે છે તેની સાથે સોનુ એ 'અડધી રાતની જરૂરિયાત' સમયે કામ આવે તેવી લીકવીડ મિલ્કત છે અને તેથી આ પ્રકારે ધિરાણ લઈને લોકો પોતાની ઓચિંતી ઉભી થયેલી નાણાકીય મુશ્કેલીને રાખી શકે છે.

તો નાના વ્યાપારીઓ કે બચત નહી ધરાવતા કુટુંબો સોના સામે ધિરાણ લઈને તેના ધંધા રોજગારને પણ નાણાકીય રીતે મદદમાં લઈ શકે છે. તેથી જ હવે નાના ધિરાણને આકરા અંકુશોથી બહાર રખાશે જે નવા નિયમો તા.૧ જૂનથી લાગુ થનારા છે તે પણ આગામી છ માસ સુધી મુલત્વી રખાય તેવી ધારણા છે.

નવા પ્રસ્તાવિત નિયમોમાં સોના સામે ધિરાણ લેનારને તે સોનુ તેનું ખુદનું જ છે તે સાબીત કરવું પડશે અને તેઓ સોગંદનામુ કરવાની પણ જોગવાઈ છે. ઉપરાંત સોનાના બજાર ભાવના ૮૦થી૯૦% સુધી ધિરાણને બદલે હવે મહતમ ૭૫% સુધી જ ધિરાણ અપાશે.

ઉપરાંત સોનાના સિક્કામાં ૨૨ કેરેટ કે તેથી વધુની શુદ્ધતાવાળા સિક્કા જ માન્ય રહેશે અને જે ધિરાણ લે તેના સોનાની શુદ્ધતાનું સર્ટીફીકેટ બેન્ક કે ધિરાણ આપનારી માન્ય સંસ્થાએ આપવું પડશે પણ આ પ્રકારના નિયમો નાના રૂા.૨ લાખ સુધીનું ધિરાણ લેનાર માટે પ્રશ્ન અને નવી મુશ્કેલી ઉભી કરે તેવો અભિપ્રાય રજુ થયા બાદ હવે રૂા.૨ લાખ સુધીના ધિરાણને તેમાંથી છુટછાટ અપાય તેવી ધારણા છે.


બીજી તરફ સરકાર એ સતર્ક છે કે સોના સામેનું ધિરાણ એ પરંપરાગત વ્યાપારી કે અન્ય લોનનો વિકલ્પ બની શકે નહી કે તે પ્રકારના ધિરાણથી કાળા નાણાને પણ ઉતેજન મળે નહી તે જોવા માંગે છે...

# જામનગરમાં કોરોનાના પાંચ કેસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં કોરોનાનું સંક્રમણ ધીમેધીમે ગતિ પકડી રહ્યું છે.ત્યારે જામનગર શહેરમાં એક જ દિવસમાં કોરોનાના ફરી એકવાર પાંચ કેસ મળી આવતા ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. જે લોકો સંક્રમિત થયા હોય તેને ઘરની બહાર નહિ નીકળવા આરોગ્ય વિભાગ દ્વારા તાકીદ કરવામાં આવી છે.

અત્યાર સુધીમાં કુલ ૧૬ કેસ પોઝીટીવ આવ્યા છે.જેમાંથી એક દર્દીને ડિસ્ટચાર્જ કરતા હવે ૧૫ કેસ હોમ આઈસોલેશન કરેલ છે. જામનગરમાં કોરીના ૧૧ કેશ નોંધાયા બાદ તા.૩૦ મેં ના રોજ વધુ પાંચ કેશ નોંધાતા કુલ કેસની સંખ્યા ૧૬ થવા પામ્યો છે.



તંત્રએ તા.૨૩મીએ નવા વેરીઅન્ટના શહેરના પ્રથમ કોરોનાના દર્દીને કોરોના મુક્ત ગણતા આજની તારીખે શહેરમાં કોરોનાના ૧૫ દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે.

તંત્રએ જાહેર કર્યા મુજબ જામનગરના પાંચ નવા કેસમાંથી ૪ પુરુષ દર્દીઓ . અને એક મહિલા દર્દી છે. નવા દર્દીઓમાં કામદાર કોલોનીમાં એક પુરુષ (ઉ.૧.૩૪), ગુલાબનગરમાં દયાનંદ સોસાયટીમાં પુરુષ (ઉ. ૫.૩૭), લાલપુર બાયપાસ પાસે : સરદાર ચોકર્મા પુરુષ (ઉ.૧.૪૦), દરેડ જીઆઈડીસી ફેઝ-૨માં પુરુષ (ઉ.વ.૩૧) તેમજ પાણાખાણમાં નવાનગર સોસાયટીમાં સ્ત્રી (ઉ. ૨૦)નો સમાવેશ થાય છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જામનગરના દરિયાકાંઠેથી રૂ.૬૧ કરોડનું ચરસ રેઢું મળ્યું

## ગોજીનેસ ગામની સીમના દરિયાકાંઠે 'અફઘાન પ્રોડક્ટ' લખેલા પેકેટમાંથી ૧૩ કિલો ચરસ પકડાતાં સપ્લાયર-રિસીવરની શોધખોળ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના દરિયાકાંઠથી સરસ નો જથ્થો રેઢો મળી આવતાં પોલીસે તેને કબજે લઈ સપ્લાયર અને રિસીવરની શોધખોળ હાથ ધરી હતી.

આ અંગે વધુમાં જાણવા મળ્યા પ્રમાણે ભાટિયા આઉટ પોસ્ટ હેઠળ આવતા દરિયાકાંઠ ફૂટ પેટ્રોલિંગ દરમિયાન ગોજીનેશ ગામની સીમના દરિયાકાંઠા ઉપર ગુગળીયા ભારૂના દરિયાકાંઠથી દેવભૂમિ દ્વારકા એસઓજીની ટીમે બિનવારસી કાપડની બેગમાં 'અફઘાન પ્રોડક્ટ' લખેલા ચરસના દસ પેકેટ કબજે કર્યા હતા. આ ચરસ ૧૩.૨૩૯ કિલોગ્રામ હોવાનું અને તેની કિંમત ૬,૬૧,૯૫,૦૦૦ થતી હોવાનું ધ્યાન પર આવ્યું હતું.

આટલો મોટો જથ્થો દરિયાકાંઠ કોણ મુકી ગયું ? આ જથ્થો લેવા કોણ આવવાનું હતું ? કેટલા સમયથી આ પ્રકારે હેરાફેરી ચાલી રહી હશે તે સહિતના મુદ્દે હાલ પોલીસ દ્વારા કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી પરંતુ ટૂંક સમયમાં જ મોટો ખુલાસો થવાની શક્યતા પોલીસ સૂત્રોએ વ્યક્ત કરી હતી. અગાઉ આ સ્થળેથી પકડાયેલો ગાંજા-ચરસ સહિતનો જથ્થો મંગાવનાર કોણ હતું તે સહિતની દિશામાં પણ તપાસ આરંભાઈ છે. બીજી બાજુ ચરસના પેકેટ ઉપર 'અફવાન પ્રોડક્ટ' લખવામાં આવી હોય હોય કદાચ તે અફઘાનિસ્તાન તરફથી રવાના કરવામાં આવ્યું હોવાનું અથવા તો પોલીસને ગેરમાર્ગે દોરવા માટે આ પ્રકારનું લખાણ લખવામાં આવ્યું હોવાનું પણ નકારી શકાતું નથી. હાલ તો પોલીસે ચરસનો જથ્થા કબજે કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# જીજ્ઞેશ દાદાની કથામાં ચીલઝડપ કરનાર ટોળકીનો સાગરીત ઝડપાયો

## ભીડ નો લાભ લઈ મંગળસૂત્ર અને ચેઇન તફડાવનાર ત્રણ મહિલા સહિત ચારની ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભુપેન્દ્ર રોડ પર આવેલા સ્વામીનારાયણ મુખ્ય મંદિરમાં આયોજીત જીગ્રેશ દાદાની ભાગવત સપ્તાહમાં ગયેલા સુરતનાં હેમીબેન રાઘવભાઈ નકુમના ગળામાંથી અજાણ્યો શખ્સ રૂ.૮૦ હજારની કિંમતનું સોનાનો ચોઈન ચોરી ગયાની એ ડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.આ ઘટનામાં પોલીસે ત્રણ મહિલા સહિત ચાર વ્યક્તિને ઝડપી લઇ એક મંગળસૂત્ર અને એક સોનાનો ચેન એમ કુલ રૂપિયા ૩.૩૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ અંગે ની માહિતી મુજબ શિક્ષક મહેશભાઈ પંચાભાઈ ડોલર (ઉ.વ.૨૪, રહે, ઈન્દ્રસ્થ સોસયટી, મોરબી રોડ)ની ફરીયાદ પરથી એ.ડીવીઝન પોલીસે ગુનો દાખલ કર્યો હતો.મહેશભાઈએ પોલીસને જણાવ્યું કે, તેની કૌટુંબીક બહેન મનીપાબેન અને તેના સાસરીયાઓ સુરત રહે છે. ભુપેન્દ્રરોડ પર સ્થિત સ્વામીનારાયણ મુખ્યમંદિર બોરડીવાળુમાં આયોજીત શ્રીમદ ભાગવત સપ્તાહ ખાતે તે બધા ગયા હતાં. કથાનો પાંચમો દિવસ હોય વકતા જીજ્ઞેશ દાદા કથા વિરામ બાદ જતા હતા તે સમયે મંદિરના પટાંગણમાં તેમના માટે લોકો એકઠા થયા હતાં. ભીડ ઓછી થતા તેને જાણવા મળ્યું હતું કે, કથામાં સુરતથી આવેલા તેના મોટા બાપુની પુર્તી મનીષાબેનના સાસુ હેમીબેન નકુમ કથા વકતાની કાર પાસે ગયા હતાં. ત્યારે ભીડનો લાભ લઈ અજાણ્યો શખ્સ તેના ગળામાંથી સોનાનો ચેઈન ચોરી લીધો હતો.

આ ઘટનામાં એ ડિવિઝન પોલીસના પીઆઈ આર.જી.બારોટ, પીએસઆઈ રાણા,કલ્પેશભાઈ બોરીચા અને મહેશભાઈ ચાવડા સહિતના સ્ટાફે બાતમીના આધારે પેલેસ રોડ પાસેથી ત્રણ મહીલા તથા એક પુરૂષ જોવામાં આવતા તેને પકડી તેની પાસે રહેલ થેલીમાં જોતા થેલીમાંથી સોનાના દાગીના જેમા એક સોનાનો ચેઈન તથા સોનાનુ મંગળસુત્ર મળી આવેલ હોય જે અંગે તેઓની પુછપરછ કરી બીલ માંગતા તેની પાસે બીલ ન હોવાનુ જણાવેલ અને કોઈ સંતોષકારક જવાબ આપતા ન હોય

અને આરોપી 'પાસે રહેલ સોનાનો ચેઈન તથા સોનાનુ મંગળસુત્ર બાબતે યુક્તિ-પ્રયુક્તિથી પુછપરછ કરતા સોનાનો ચેઈન તથા સોનાનુ મંગળસુત્ર ત્રણ દિવસ પહેલા ભુપેન્દ્ર રોડ ઉપર આવેલ સ્વામીનારાયણ મંદિરના ગેઈટ પાસે બપોરે પ્રસાદીના સમયે માણસોની ભીડ હતી તે દરમ્યાન મંદિરે દર્શન કરવા આવેલ દર્શનાર્થી બે અલગ અલગ મહિલાઓએ ગળામાં પહેરેલ સોનાનો ચેઈન તથા મંગળસુત્ર નજર ચુકવી ચોરી કરેલ હોવાની કબુલાત આપી હતી. આરોપીઓ પાસેથી એક ચેઈન અને મંગલસૂત્ર સહિત રૂ.૩.૩૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આરોપીઓમાં કમલેશ સામે અગાઉ મહેમદાવાદમાં હત્યા, મંજુબેન સામે પ્રોહી. અને લક્ષ્મીબેન સામે અગાઉ પાંચ ચિલઝડપ અને એક વખત પાસા થઈ છે.


# મવડી પાસે વૃધ્ધાના ગળામાંથી સોનાના ચેનની ચીલ ઝડપ કરનાર સમડી ઝડપાઇ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સુમસાન રસ્તાઓ પર ચાલીને નીકળતા રાહદારીઓને નીસાન બનાવી સોનાના ચેઈનની ચીલઝડપ કરી હવામાં ઓગળી જતી સમડીને ઝડપી લેવામાં ક્રાઇમ બ્રાંચની ટીમને સફળતા મળી છે. મવડી વિસ્તારમાં વૃધ્ધાને સમડીએ નીસાન બનાવ્યાની કબુલાત આપતા પોલીસે બાઇક સહિત રૂ.૧.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ક્રાઇમ બ્રાંચના પીએસઆઇ એ.એન.પરમાર અને એસ.વી.ચુડાસમાની સુચનાથી હેડ કોન્સ. કિશનભાઇ, કૃષ્ણદેવસિંહ, હરસુખભાઇ અને મહાવિરસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોકકસ બાતમી મળી હતી કે, થોડા દિવસો પહેલા મવડી વિસ્તારમાં વૃધ્ધાને નીસાન બનાવી સોનાના ચેઇનની ચીલ ઝડપ કરનાર આનંદનગર મેઇન રોડ પર હોવાની હકીકત મળતા પોલીસે ઉપરોકત સ્થળેથી શ્યામ ઉર્ફે જાંબુ દિનેશ સોલંકી નામના શખ્સને બાઇક સાથે દબોચી લઇ તલાસી લેતા એક સોનાનો ચેઇન કિંમત રૂ.૧ લાખનો મળી આવતા પોલીસે બાઇક સહિત કુલ રૂ.૧.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.



## ગોંડલમાં લોકોને છેતરી મોબાઇલની ઉઠાંતરી કરનાર તસ્કરની ધરપકડ: ૧૧ મોબાઇલ કબ્જે

જયારે રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં લોકો સાથે છળકપટ કરી કે ચોરી કરી એન્ડ્રોઇડ મોબાઇલ ફોન મેળવી નાસી જતો શખ્સ ગોંડલ આશાપુરા ચોકડી નેશનલ હાઇવે પર હોવાની હકીકત મળતા ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઇ વી.વી.ઓડેડરાની રાહબરી હેઠળ પીએસઆઇ એસ.સી.ગોહિલ તથા પેરોલ ફલોના પીએસઆઇ આર.બી.બલદાણીયા સહિતના સ્ટાફે ગોંડલ નેશનલ હાઇવે પરથી વિક્રમ ઉર્ફે ઇટલી મનુ મક્કા (રહે. મેસવાળ તાલુકો કેશોદ)ની ધરપકડ કરી અલગ-અલગ કંપનીના ૧૧ મોબાઇલ ફોન કિંમત રૂ.૭૬૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# વામ્બે આવાસ યોજનાના ક્વાર્ટરમાં પોલીસને બાતમી આપ્યાની શંકાએ યુવાનને બેલડીએ લમધારીયો

## હુમલામાં ઘવાયેલા ઈજાગ્રસ્ત યુવક સારવારમાં ખસેડાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ ઉપર આવેલા વામ્બે આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા યુવકને બે શખ્સોએ તું પોલીસને દારૂની કેમ બાતમી આપે છે? તેમ કહી માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ કાલાવડ રોડ ઉપર આવેલા વામ્બે આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા અરવિંદ મોહનભાઈ રાઠોડ નામનો ૩૮ વર્ષનો યુવાન રાત્રીના સાડા દસેક વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે બાઈક લઈને જઈ રહ્યો હતો ત્યારે પુષ્કળધામ આવાસ યોજનાના કવાર્ટરમાં રહેતા પિયુષ અને અને કુણાલ નામના શખ્સોએ તેને રોકી તું કેમ પોલીસને દારૂની બાતમી આપે છે તેમ કહી ધોકા પાઈપ વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે તાલુકા પોલીસને જાણ થતાં તાલુકા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં અરવિંદ રાઠોડ અને હુમલાખોર બંને શખ્સો મિત્રો છે. ત્રણ મહિના પહેલા ઝઘડો થયો હતો ત્યારથી મિત્રતામાં વેરના બીજ રોપાયા હતા અને ગઈકાલે પોલીસને દારૂની બાતમી આપ્યાની શંકાએ હુમલો કરી માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી પંથકમાં પ્રેમ લગ્ન કરનાર પરણીતાને નશાખોર પતિનો અમાનુસી ત્રાસ



ગૃહ કલેશથી કંટાળી પરણીતાએ છ મહિનાના બાળક સાથે ઘર છોડ્યું: રાજકોટમાં ભર બપોરે ધગધગતા તડકા વચ્ચે પરણીતાની વ્હારે આવી અભયમ મહિલા હેલ્પલાઇનની ટીમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાંથી જાગૃત નાગરિક એ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન માં કોલ કરીને જણાવેલ કે એક અજાણી મહિલા તેના ૬ મહિના ના બાળક સાથે બપોરના અસહ્ય તડકામાં બેઠેલ છે. તથા બાળક ખૂબ રડે છે. તેથી મહિલાને મદદની જરૂર છે.

કોલ આવતા ની સાથે જ ૧૮૧ ટીમ ના કાઉન્સિલર વૈશાલીબેન ચૌહાણ અને કોન્સ્ટેબલ પુનમબેન અને પાયલોટ વિજયભાઈ તાત્કાલ ઘટના સ્થળે પહોંચેલ. પીડિતા મહિલા સાથે વાત-ચિત કરતા જણાવેલ કે મહિલા મોરબી જિલ્લાના એક ગામડાના વતની છે. અને દોઢ એક વર્ષ પહેલા લગ્ન થયા છે .મહિલાએ પ્રેમ લગ્ન કરેલ છે. અને સંતાનમાં એક ૬ માસનું બાળક છે. ગઈકાલ રાત્રે પીડીતા મહિલાના પતિએ પીડીતા સાથે મારઝુડ કરેલ. તેથી પીડીતા મહિલા રાજકોટ શહેરમાં આવેલ.અને પીડીતા મહિલાએ જણાવેલ કે પ્રેગનેટ થયેલા ત્યારથી તેમના પતિ દરરોજ કેફિન દ્રવ્યોનો નશો કરી મહિલા સાથે નાની-નાની બાબતમાં ઝઘડા કરી મારપીટ કરે છે. તથા બાળકનું અને પીડીતા મહિલાનું ભરણપોષણ કરતા નથી. તથા અપશબ્દ કહે છે. તેથી મહિલા ઘર કંકાસથી કંટાળીને બાળક સાથે ઘરેથી કર્યા વગર નીકળી ગયેલ હતા.

મહિલાએ પ્રેમ લગ્ન કરેલા હોય તેથી પિયરમાં પણ કોઈ સાથે સંબંધ ન હોય . અને મહિલા ને હાલ આશ્રયની જરૂર હોવાથી મહિલાને સખી વન સ્ટોપ સેન્ટર વિશેની માહિતી આપેલ તથા કાયદાકીય પ્રાથમિક માહિતી આપેલ અને માર્ગદર્શન આપેલ અને મહિલાને આશ્રય તથા લાંબા ગાળાના કાઉન્સિલિંગ માટે સખી વન સ્ટોપ સેન્ટર માં આશ્રય અપાવેલ છે.

# શાપરમાં નવ વર્ષના બાળકને શ્વાનના ટોળાંએ ફાડી ખાધો

## શ્રમિક પરિવારમાં ઘેરો કલ્પાંત, વતન જવા નીકળેલા પિતા અમદાવાદથી પરત ફર્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના છેવાડે આવેલા શાપર ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં પરિવારનું નવ વર્ષનું બાળક ઘર પાસે રમી રહ્યું હતું ત્યારે આવી ચડેલા શ્વાનના ટોળાંએ તેને ફાડી ખાતા બાળકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાં જ વતન જવા નીકળેલા પિતા અમદાવાદથી પરત ફર્યા હતા.

બનવાની વિગતો મુજબ, મૂળ બિહારના પટના ગામના વતની અને છેલ્લા પાંચ વર્ષથી શાપર ગેટની અંદર આવેલા કારખાનાની ઓરડીમાં રહેતા અજીતકુમાર યાદવનો છ વર્ષીય પુત્ર આયુષ સાંજે ઘર પાસે

રમતો હતો. દરમિયાન આવી ચડેલા પાંચથી વધુ શ્વાનના ટોળાંએ બાળક ઉપર હુમલો કરી આખા શરીરે બચકા ભરી લીધા હતા. માથાના વાળથી લઈ પગના નખ સુધીનું શરીર ફાડી ખાતા લોહીલુહાણ થઈ ગયો હતો.

બાળકની ચીસો સાંભળી દોડી આવેલ પરિવારજનોએ આયુષને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પીટલે ખસેડયો હતો. પરંતુ અહીં સારવાર મળે તે પૂર્વે જ બાળકે દમ તોડી દીધો હતો. મૃતક આયુષ બે ભાઈમાં નાનો હોવાનું જાણવા મળ્યું છે. બનાવથી શ્રમિક પરિવારમાં ભારે શોક છવાઈ જવા પામ્યો હતો.

# રિલાયન્સ મોલમાં બોમ્બ મળી આવ્યો: લોકોમાં નાસભાગ: મોકડ્રીલ જાહેર થતાં રાહત



## એસઓજી, બોમ્બ સ્કવોડ અને ક્યુઆરટી સહિતના સ્ટાફે ૨૫૦ જેટલા લોકોનું રેસ્ક્યુ કરી સલામત સ્થળે ખસેડ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ રિલાયન્સ મોલમાં સવારે એક શંકાસ્પદ પાર્સલમાં વિસ્ફોટક જેવો પદાર્થ હોવાનો કોલ પોલીસને મળ્યો હતો. જેના પગલે એસીપી બી જે ચૌધરી, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ(એસઓજી) પીઆઈ સંજયસિંહ જાડેજાની ટીમ, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, ડોગ સ્કવોડ, ક્વિક રિસ્પોન્સ ટીમ(ક્યુઆરટી), ફાયર બ્રિગેડ, માલવિયાનગર પોલીસના પીઆઈ જે આર દેસાઈની ટીમો અને ટ્રાફિક શાખાના જવાનો તાત્કાલિક બનાવસ્થળે દોડી ગયા હતા.

પોલીસ દ્વારા સાવચેતીના પગલે મોલમાં હાજર કર્મચારીઓ સહીત ૨૫૦ જેટલાં લોકોને તાબડતોડ ઈવેક્યૂટ કરી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. બાદમાં શંકાસ્પદ પાર્સલમાં રહેલ પદાર્થની બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ દ્વારા ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જે બાદ અંતે આ સમગ્ર ઘટનાને મોકડ્રિલ જાહેર કરવામાં આવતા તંત્ર અને સામાન્ય નાગરિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

શંકાસ્પદ પદાર્થ મળવાની ઘટનાને મોકડ્રિલ જાહેર કરવામાં આવ્યા બાદ એસઓજી, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, ક્યુઆરટી અને સ્થાનિક પોલીસ દ્વારા મોલના કર્મચારીઓ અને હાજર સામાન્ય નાગરિકોને શંકાસ્પદ પદાર્થ મળી આવ્યે શું કરવું, શું ન કરવું સહીતની બાબતોનુંમાર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# મોરબીના ગ્રામ્ય વિસ્તારમાં મૂક બધિર દીકરી પર દુષ્કર્મ કરનાર પતિને પત્નીએ પતાવી દીધો

## બળાત્કાર અને હત્યાના ચોંકાવનાર બનાવમાં મૂક બધિર યુવતી નોધારી બની

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સાવકા પિતાએ આગલા ઘરની પુત્રી ઉપર નજર બગાડી શિયળ લૂંટી લેતા ક્રોધે ભરાયેલી માતાએ પોતના હવસખોર પતિને લાતો ફટકારી મોતને ઘાટ ઉતારી દેતા ચકચાર જાગી છે. જો કે, આ બનાવમાં દુષ્કર્મનો ભોગ બનેલી યુવતી ઉપરથી પિતાની છત્રછાયા હટવાની સાથે માતા પણ કાયદાના સંઘર્ષમાં આવતા મૂક બધિર યુવતી ઉપર આફત આવી પડી છે.

આ અંગે જાણવા મળતી વિગતો મુજબ મોરબી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સાવકા પિતાએ ૨૪ વર્ષીય મૂક બધિર સાવકી પુત્રી ઉપર નજર બગાડી હવસનો શિકાર બનાવી બળાત્કાર ગુજારતા મૂક બધિર યુવતી અવાચક બની ગઈ હતી. બીજી તરફ સાવકા બાપે કરેલા કૃત્યુની જાણ મૂક બધિર યુવતીના માતાને થતા માતાએ હવસખોર પતિને ઢીંકા પાટુનો માર મારી છાતીના ભાગે લાતો ફટકારતા નરાધમનું મૃત્યુ થતા બનાવ હત્યામાં પલટાયો છે, બીજી તરફ આ ગંભીર બનાવ અંગે પોલીસે ગુન્હો નોંધવા તજવીજ શરૂ કરી છે.

હત્યાનો ભોગ બનેલ પિતા તેમજ મૂક બધિર યુવતીના માતાના આ બીજા લગ્ન હોવાનું અને મુક બધિર યુવતી માતા સાથે આંગળીયાત આવી હોય સાવકા બાપે દીકરી ઉપર જ નજર બગાડી મોકો મળતા દેહ અભળાવી નાખ્યો હતો. જે બાદ માતાને બનાવની જાણ થતા નરાધમ પતિને ઢોર મારતા મૃત્યુ નીપજ્યું હતું. જો કે, ચોંકાવનાર બનાવમાં પીએમ રિપોર્ટ આવ્યા બાદ દુષ્કર્મ અને હત્યા અંગે ફરિયાદનોંધવામાં આવશે તેમ પોલીસે જાહેર કર્યું છે. જો કે આ ચકચારી બનાવમાં પિતાની છત્રછાયા હટવાની સાથે માતા પણ કાયદાના સંઘર્ષમાં આવતા મૂક બધિર યુવતી માટે નોધારી સ્થિતિ નિર્માણ થઈ છે.

# થોરાળામાં ધરાર પ્રેમીના ત્રાસથી ધો.૧૨ની છાત્રાનો આપઘાત

## પાડોશી શખ્સ પ્રેમ સંબંધ રાખવા ત્રાસ ગુજારી ભાઈને મારી નાખવાની ધમકી આપતા પગલું ભર્યાનો આક્ષેપ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

થોરાળા વિસ્તારમાં રહેતી અને ધો.૧૨ માં અભ્યાસ કરતી સગીરાએ ફિનાઈલ પી લેતા સારવારમાં મોત નીપજ્યું હતું સગીરાના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. સગીરાને પાડોશમાં રહેતા શખ્સે ધરાર પ્રેમ સંબંધ રાખવા ત્રાસ ગુજારી ભાઈને મારી નાખવાની ધમકી આપતા સગીરાએ ફિનાઈલ પી જીવન ટૂંકાવ્યું હોવાનો પરિવાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં નવા થોરાળા મેઈન રોડ ઉપર રહેતી અને ધો. ૧૨ માં અભ્યાસ કરતી ક્રિષ્નાબેન જેન્તીભાઈ સોંદરવા નામની ૧૭ વર્ષની સગીરા પોતાના ઘરે હતી ત્યારે રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં ફિનાઈલપી લીધું હતું. સગીરાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન ક્રિષ્નાબેન સોંદરવાનુ મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

પ્રાથમિક પૂછપરછમાં ક્રિષ્નાબેન એક ભાઈ બે બહેનમાં મોટી હતી અને તેણીના પિતા હયાત નથી ક્રિષ્નાબેન સોંદરવા ધો.૧૧ કોમર્સ પાસ કરી ધો.૧૨ કોમર્સમાં પ્રવેશ કર્યો હતો ક્રિષ્નાબેન સોંદરવા સ્કૂલમાં જતી હતી ત્યારે પાડોશમાં રહેતા યુવાને છેલ્લા એકાદ વર્ષથી ધરાર પ્રેમ સંબંધ બાંધવા માટે ક્રિષ્નાબેન સોંદરવાને ત્રાસ આપી ભાઈને મારી નાખવાની ધમકી આપતો હોવાથી ક્રિષ્નાબેન સોંદરવાએ ધરાર પ્રેમીના ત્રાસથી કંટાળી આત્મઘાતી પગલું ભર્યું હોવાનો પરિવાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે આક્ષેપના પગલે થોરાળા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વીતરાગ સોસાયટીના ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક સાથે શખ્શે કરી છેતરપિંડી

## રોજના ૧૦૦૦થી ૨૫૦૦ના ભાડે ૩ કાર લઇ ગયા બાદ પરત ન કરી ત્રણ વર્ષમાં છ કાર લીધા બાદ બે-ત્રણ મહિના સુધી નિયમિત ભાડું ચૂકવ્યું પછી હાથ ઉંચા કરી દઇ ત્રણ કાર પરત કરી પણ ૯.૭૨ લાખનું ભાડું અને ત્રણ કાર પરત ન કરતાં ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો વ્યવસાય કરતાં તેમજ છૂટક ડ્રાઈવિંગ કરતા યુવકને મિત્રએ જ રોજના ૧૦૦૦થી ૨૫૦૦ના ભાડે ત્રણ કાર લઈ ગયા બાદ કાર પરત ન કરી સાથે સાથે ૯.૭૨ લાખનું ભાડું પણ ન ચૂકવતાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. નાણાવટી ચોક પાસે વિતરાગ સોસાયટીમાં રહેતાં વિમલ નવનીતભાઈ ભાયાણીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે ૨૦૨૨માં કોરોના સમયે તે કાલાવડ રોડ ઉપર માસ્ક વેચી રહ્યો હતો ત્યારે તેની મુલાકાત રજનીકાંત સુરેશભાઈ સારીખડા (રહે.કાલાવડ રોડ રંગોલી પાર્ક પાછળ મીગ-૧ એપાર્ટમેન્ટ) નામના શખસ સાથે થઈ હતી. આ પછી રજનીકાંતે વિમલ પાસેથી એક દિવસના ૧૧૦૦ના ભાડા લેખે એક કાર લીધી હતી જેનું ભાડુંપણ સમયસર ચૂકવતો હતો. ત્યારબાદ તબક્કાવાર કુલ છ કાર મેળવી લીધી હતી. શરૂઆતમાં તે નક્કી કરાયેલું ભાડું ચૂકવી રહ્યો હતો. દોઢ વર્ષ બાદ તેણે ૨૫૦૦ના દૈનિક ભાડા લેખે છઠ્ઠી કાર મેળવી હતી પરંતુ મહિનાઓથી ભાડું આપવાનું બંધ કરી દેતાં વિમલે ઉઘરાણી શરૂ કરતાં અવનવા બહાના કાઢવાનું શરૂ કર્યું હતું. આ પછી ૩૦ હજાર રૂપિયા માંડ માંડ ચૂકવ્યા બાદ ત્રણ કાર પરત કરી દીધી હતી. એકંદરે ડિસેમ્બર-૨૦૨૪થી કારનું ભાડું કે જે ૯,૭૨,૯૦૦ રૂપિયા થવા જાય છે તે અને ત્રણ કાર પરત ન આપતાં રજનીકાંત સામે ફરિયાદ નોંધાવી હતી.